| | | | | |
|---|---|---|---|---|
| | કેસ દાખલ તારીખ | ૩૦–૪–૨૦૨૧ | | |
| | કેસ નોંધણી તારીખ | ૩૦–૪–૨૦૨૧ | | |
| | કેસ ફેંસલ તારીખ | ૦૫–૧૨–૨૦૨૫ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| GJJN200002952022 | | ૪ | ૭ | ૫ |

# જુનાગઢ જીલ્લાના ચોથા અધિક સત્ર ન્યાયાધિશની અદાલત સમક્ષ, મુ.વિસાવદર.

**આંક–**

**ફોર્મ–''એ''**

| | |
|---|---|
| | **ચુકાદા તારીખ : ૦૫/૧૨/૨૦૨૫**<br>**સેશન્સ કે.સ નં.૧૭–૧૮/૨૦૨૧**<br>(વિસાવદર પો.સ્ટે.ગુ.ર.નં.ફર્સ્ટ ૮૯/૨૦૧૮) |
| **ફરીયાદપક્ષ** | **શ્રી સરકાર** |
| **વિ.એ.પી.પી.શ્રી** | **વી.એન.માઢક** |
| **આરોપી સેશન્સ કે.સ નં.૧૭–/૨૦૨૧**<br><br>**સેશન્સ કે.સ નં.૧૮/૨૦૨૧** | **(૧) નાસીર રહીમભાઈ મેતર,**<br>ઉ.વ.૩૧, ધંધો :ખેતી, રહે.મકરાણી પરા, વિસાવદર. (ગુજશીટોકની કલમ ૧૦ અન્વયે ટ્રાયલ એબેયન્સમા રાખેલ છે)<br>**(૨) ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવિદભાઈ બ્લોચ,**<br>ઉ.વ.૨૦, ધંધો : મજુરી, રહે.હનુમાનપરા, વિસાવદર. (ગુજશીટોકની કલમ ૧૦ અન્વયે ટ્રાયલ એબેયન્સમા રાખેલ છે)<br>**(૩) પીરમહમદ ઉર્ફે પીરૂ વલીમહમદ બ્લોચ,**<br>ઉ.વ.૩૭, ધંધો : વેપાર, રહે.દુધાળા(ગીર), તા.વિસાવદર.<br>**(૪) રવિરાજસીંહ ગુલાબસીંહ જાડેજા,**<br>ઉ.વ.૩૫, ધંધો : વેપાર, રહે.પોરબંદર, જી.આઈ.ડી.સી. આશાપુરા ચોકડી.<br>**(૫) બાલુભાઈ રણમલભાઈ ઓડેદરા,**<br>ઉ.વ.૩૩, ધંધો : ખેતી, રહે.સિમાણી, તા.જી.પોરબંદર. |
| **આરોપી તરફે વિ.વ.શ્રી** | **શ્રી વી.કે.જેઠવા.** |

## ફોર્મ–''બી''

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩/૧૧/૨૦૧૮ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૪/૧૧/૨૦૧૮ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૮/૨/૨૦૧૯ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૪/૮/૨૦૨૧ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૨૭/૯/૨૦૨૧ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૫/૧૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૫/૧૨/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

## આરોપીની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનુ નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનાનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નાસીર રહીમભાઈ મેતર | ૨૮/૦૧/૨૦૧૯ | ૬/૭/૨૦૧૯ | આઈ.પી.સી. કલમ ૩૯૫, ૩૯૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૩૨૩, | નિર્દોષ | –– | ૫ મહિના અને ૮ દિવસ. |
| ૨ | ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવિદભાઈ બ્લોચ, | ૨૮/૦૧/૨૦૧૯ | ૨૬/૦૪/૨૦૧૯ | | | | ૨ મહિના અને ૨૯ દિવસ. |
| ૩ | પીરમહમદ ઉર્ફે પીરૂ વલીમહમદ બ્લોચ, | ૨૮/૦૧/૨૦૧૯ | ૨૮/૩/૨૦૧૯ | | | | ૨ મહિના |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | રવિરાજસીંહ ગુલાબસીંહ જાડેજા, | ૧૬/૫/ ૨૦૧૯ | ૯/૫ /૨૦૧૯ | ૫૦૬(૨), જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબ | | | તા.૯/૫ /૧૯ ના રોજ આગોતરા જામીન ઉપર મુકત થયેલ. |
| ૫ | બાલુભાઈ રણમલભાઈ ઓડેદરા, | ૧૬/૫/ ૨૦૧૯ | ૯/૫ /૨૦૧૯ | | | | |

**ગુનો :–** **આઈ.પી.સી. કલમ–૩૯૫, ૩૯૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૩૨૩, ૫૦૬(૨), જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.**

**–:: ચુ કા દો :–**

અત્રેના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

1. આ કામના મુળ ફરિયાદી/ભોગ બનનાર જાયદાબેન વા/ઓ. ભીખુશા લાખાબાપુ રફાઈનાઓ ધ્વારા તા.૦૪.૧૧.૨૦૧૮ ના રોજ આરોપીઓના નામજોગ ફરીયાદ આપતા જણાવેલ કે આ કામના આરોપી નં.૩ ની વિધિ ફરીયાદીના પતિએ કરેલ હોય જેના ત્રણ લાખ રૂપિયા આપેલ હોય જે રૂપિયાની ઉઘરાણીએ આરોપીઓ એકસંપ કરી આવેલ અને ફરીયાદીના પતિને ભુંડી ગાળો આપી, માથાકુટ કરતા ફરીયાદી વચ્ચે પડતા, આરોપી નં.૫ નાએ ફરીયાદીને કપાળમાં છરીથી ઈજા કરી, સોનાનો ત્રણ તોલાનો કિંમત રૂા.૯૦,૦૦૦/– નો ચેનની લુંટ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મ્હે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, જુનાગઢનાઓના જાહેરનામાંનો ભંગ કર્યા બાબતેની ફરિયાદ નોંધાવવામાં આવેલ છે. તે અનુસંધાને વિસાવદર પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી. નં.ફર્સ્ટ ૮૯/૨૦૧૮ થી ઈ.પી.કોડની કલમ–૩૯૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૩૨૩, ૫૦૬(૨), જી.પી.એકટની કલમ–૧૩૫ ગુના ગુનો નોંધાયેલ છે. બાદમા કલમ વધારાનો રીપોર્ટ રજુ રાખી ઈ.પી.કો.કલમ ૩૯૫ નો ઉમેરો કરવામા આવેલ છે. તપાસના અંતે આ

કામના આરોપીઓ વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ–૩૯૫, ૩૯૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૩૨૩, ૫૦૬(૨), જી.પી.એકટની કલમ–૧૩૫ ગુનાનુ ચાર્જશીટ (૧) નાસીર રહીમભાઈ મેતર, (૨) ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવિદભાઈ બ્લોચ,(૩) પીરમહમદ ઉર્ફે પીરૂ વલીમહમદ બ્લોચનાઓ સામે દાખલ. કરેલ જેનો સેશન્સ કેસ નં.૧૭/૨૦૨૧ છે. બાદ આ ગુનાના સહ આરોપી એવા (૧) રવિરાજસીંહ ગુલાબસીંહ જાડેજા તથા (૨) બાલુભાઈ રણમલભાઈ ઓડેદરા પકડાઈ આવતા તેમની વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ દાખલ કરેલ. જેનો સેશન્સ કેસ નં.૧૮/૨૦૨૧ છે.

**2.** આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતા આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડેલ હોવાની ખાત્રી કર્યા બાદ સેશન્સ કેસ નંબર : ૧૭/૨૦૨૧ ના આરોપીઓ સામે આંક–૨૫ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આરોપીઓનો આંક–૨૬ થી આંક–૨૮ સુધી જવાબ નોંધવામાં આવેલ છે. સેશન્સ કેસ નંબર : ૧૮/૨૦૨૧ ના કામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે. આરોપીઓનો આંક–૦૫ અને આંક–૦૬ થી જવાબ નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલો છે. જેથી આ કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

**3.** સદર બન્ને સેશન્સ કેસો એક જ ગુના સબંધેના હોય અને ગુનાના કામે પુરવણી ચાર્જશીટ થયેલ હોય આંક–૩૦ ની અરજી લગતના હુકમ મુજબ સદર બન્ને સેશન્સ કેસ કોન્સોલીડેટ કરીને તમામ પુરાવા સેશન્સ કેસ નં.૧૭/૨૦૨૧ ના કામે નોંધવામાં આવેલ છે. જેથી હવે પછી આ કામે સેશન્સ કેસ નં.૧૮/૨૦૨૧ ના આરોપી નં.(૧) અને (૨) નાઓને અનુક્રમે આરોપી નં.૪ અને ૫ તરીકે સંબોધવામાં આવેલ છે.

**4.** બાદમા આંક–૯૩ ની અરજીની વિગતે સેશન્સ કેસ નં.૧૭/૨૦૨૧ ના આરોપી નં.(૧) નાસીર રહીમભાઈ મેતર, (૨) ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવિદભાઈ બ્લોચનાઓ વિરૂધ્ધ ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એકટ ૨૦૧૫ અન્વયે ગુના નોંધાયેલા હોય સદર કાયદાની કલમ ૧૦ અન્વયે જયાં સુધી ધી ગુજરાત કંટ્રોલ ઓફ

ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એકટ ૨૦૧૫ અન્વયેના ગુનાની કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી સદર આરોપીઓ વિરૂધ્ધના અન્ય તમામ ગુનાઓ અન્વયેની કાર્યવાહી સ્થગીત રાખવા પાત્ર ઠરે છે તેમ ઠરાવીને મારા પુરોગામી વિ.સેશન્સ જજ સાહેબશ્રી ધ્વારા તા.૧૪–૬–૨૦૨૪ ના રોજ આંક–૯૩ ની અરજી લગત હુકમ કરીને સદર બે આરોપીઓ વિરૂધ્ધની કાર્યવાહી સ્થગીત કરેલ છે. બાકીના આરોપીઓ વિરૂધ્ધ ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે. તે સંજોગોમાં હાલનો ચુકાદો માત્ર આરોપી નં.૩–૪ અને ૫ પુરતો જાહેર કરવામા આવે છે.

**5.** બન્ને સેશન્સ કેસના આરોપીઓ એક જ ગુનાના આરોપીઓ હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી બન્ને કેસની સુનાવણી એકસાથે કરવામા આવેલ છે અને તેનો નિર્ણય સંયુકત હુકમથી કરવામા આવે છે.

**6.** ફરીયાદપક્ષ ધ્વારા નીચેની વિગતે મૌખિક પુરાવા રજુ રાખેલ છે.

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સા.નં.૧, પંચ સાહેદ કાનજીભાઈ નરશીભાઈ ગેડીયાની જુબાની | ૩૩ |
| ૨ | સા.નં.૨, પંચ સાહેદ કાળુભાઈ હાસમભાઈ ચૌહાણની જુબાની | ૩૫ |
| ૩ | સા.નં.૩, પંચ સાહેદ દીલમુરાદભાઈ હુસેનભાઈ આલાજયની જુબાની | ૩૮ |
| ૪ | સા.નં.૪, પંચ સાહેદ હબીબખા ગુલાબખા પઠાણની જુબાની | ૪૦ |
| ૫ | સા.નં.૫, પંચ સાહેદ જાવેદભાઈ આમદભાઈ વીસાઈની જુબાની | ૪૩ |
| ૬ | સા.નં.૬, પંચ સાહેદ બાબુભાઈ જગુભાઈ બોરીચાની જુબાની | ૪૫ |
| ૭ | સા.નં.૭, ફરીયાદી જાયદાબેન ભીખુશા રફાઈની જુબાની | ૪૭ |
| ૮ | સા.નં.૮, સાહેદ ભીખુશા લાખાશા રફાઈની જુબાની | ૫૧ |
| ૯ | સા.નં.૯, સાહેદ મજીદશા ભીખુશા રફાઈની જુબાની | ૫૨ |
| ૧૦ | સા.નં.૧૦, સાહેદ કમાલશા ભીખુશા રફાઈની જુબાની | ૫૩ |
| ૧૧ | સા.નં.૧૧, સાહેદ હાજીશા લાખાશા રફાઈની જુબાની | ૫૮ |
| ૧૨ | સા.નં.૧૨, સાહેદ શબીર ભીખુશા રફાઈની જુબાની | ૫૯ |
| ૧૩ | સા.નં.૧૩, સાહેદ રેશમાબેન હાજીશા રફાઈની જુબાની | ૬૨ |
| ૧૪ | સા.નં.૧૪, સાહેદ ઈમરાનશા બફાતીશા બ્લોચની જુબાની | ૬૪ |
| ૧૫ | સા.નં.૧૫, સાહેદ વિનુભાઈ બઘાભાઈ વણજારાની જુબાની | ૬૮ |
| ૧૬ | સા.નં.૧૬, સાહેદ રહીમદાદભાઈ વલીમહમદ બ્લોચની જુબાની | ૬૯ |

| | | |
|---|---|---|
| ૧૭ | સા.નં.૧૭ ત.ક.અ. હરેશભાઈ વાઘાભાઈ રાઠોડની જુબાની | ૯૭ |

**7.** ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે :–

| ક્રમ | દસ્તાવેજની વિગત | દસ્તાવેજી તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | સ્થાનિક જગ્યાનુ પંચનામું | ૪/૧૧/૨૦૧૮ | ૩૪ |
| ૨ | આરોપી નં.૧ તથા ૨ નુ અટક પંચનામું | ૨/૧/૨૦૧૯ | ૩૯ |
| ૩ | આરોપી નં.૩ નુ અટક તથા મુદામાલ કબજે કર્યાનુ પંચનામું | ૨૮/૧/૨૦૧૯ | ૪૪ |
| ૪ | ફરીયાદ | ૪/૧૧/૨૦૧૮ | ૪૮ |
| ૫ | સેશન્સ કેસ નં.૧૮/૨૦૨૧ ના આરોપીઓનુ અટક પંચનામું | ૧૬/૫/૨૦૧૯ | ૭૦ |
| ૬ | હથીયારબંધીના જાહેરનામાંની એટેસ્ટેડ કોપી | ૧૬/૧૦/૨૦૧૮ | ૭૧ |
| ૭ | હથીયારબંધીના જાહેરનામાંની નકલ | ૧૬/૧૦/૨૦૧૮ | ૯૮ |
| ૮ | આરોપીઓ વિરૂધ્ધ અલગ અલગ ગુનાઓની એફ.આઈ.આર. | ૨૪/૧૨/૨૦૧૬ | ૯૯ થી ૧૦૪ |
| ૯ | હાલના ગુનાની એફ.આઈ.આર.ની ખરી નકલ | ૨૪/૧૨/૨૦૧૬ | ૧૦૫ |
| ૧૦ | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ | ૪/૧૧/૨૦૧૮ | ૧૦૬ |
| ૧૧ | ફરીયાદીની એમ.એલ.સી.ની યાદી | ૩/૧૧/૨૦૧૮ | ૧૦૭ |
| ૧૨ | દવાખાના પોલીસ ચોકી જુનાગઢનાઓએ મેડીકલ ઓફિસરશ્રી સીવીલ હોસ્પિટલ જુનાગઢનાઓને દર્દી ભાનમાં આવ્યે દવાખાના પોલીસ ચોકીને જાણ કરવા કરેલ યાદી | ૩/૧૧/૨૦૧૮ | ૧૦૮ |
| ૧૩ | મેડીકલ ઓફિસરશ્રી જુનાગઢનાઓએ દવાખાના પોલીસ ચોકીને દર્દી ભાનમા આવ્યા અંગેની જાણ કરેલ તે યાદી | ૩/૧૧/૨૦૧૮ | ૧૦૯ |
| ૧૪ | દર્દી નાસી ગયેલ છે તે અંગેની યાદી | ૪/૧૧/૨૦૧૮ | ૧૧૦ |
| ૧૫ | ફરીયાદીએ ખરીદ કરેલ સોનાના ચેનનો માધવ જવેલર્સનો કેશ મેમોની નકલ | ૨૬/૧૦/૨૦૧૮ | ૧૧૧ |
| ૧૬ | નોડલ ઓફિસરશ્રીને કોલ ડીટેઈલ મળવા કરેલ યાદી | ૨૯/૧૧/૨૦૧૮ | ૧૧૨ |

**8.** ફરીયાક્ષના મહત્વના સાહેદોનો પુરાવો પુર્ણ થતા વિ.એ.પી.પી.શ્રી દ્વારા આંક–૧૨૭ થી પુરાવા બંધની પુરસીસ રજુ રાખેલ છે.

**9.** ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતા આરોપીઓના વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે. જેમા આરોપીઓએ ફરીયાદપક્ષનો પુરાવો તેમની રૂબરૂ અને સાંભળતા લેવામા આવેલ હોવાની હકીકત ખરી હોવાનુ જણાવેલ છે. તે સિવાય ફરીયાદપક્ષના તમામ પુરાવાની હકીકત ખરી હોવાનો ઈન્કાર કરેલ છે. આરોપી જાતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનુ કે બચાવના સાહેદ તપાસવા માંગતા ન હોવાનુ જણાવે છે. વિશેષમા આરોપીએ જણાવેલ છે કે સદર કામે તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓ નિર્દોષ છે.

**10.** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓની દલીલો સાંભળેલ છે. તેમની રજુઆત મુજબ ફરીયાદી ધ્વારા કેસને આંશીક સમર્થન કરતો પુરાવો રજુ રાખેલ છે. પક્ષકારો વચ્ચે સમાધાન થઈ જતા સાહેદો ફરી ગયેલા જાહેર કરેલ છે. પરંતુ તેમના રજુ પુરાવાને ત.ક.અ.ના પુરાવા સાથે વંચાણે લેવામા આવે તો બનાવની હકીકતને સમર્થન મળે છે. આરોપીઓ ગુનાહીત ઈતિહાસ ધરાવે છે, આરોપીઓ સામે અગાઉ જે ગુનાઓ નોંધાયેલ છે તેની એફ.આઈ.આર. ની નકલો આંક–૯૯ થી આંક–૧૦૫ સુધી રજુ રાખેલ છે, આરોપીઓ રીઢા ગુનેગાર છે આ સંજોગોમાં સાક્ષીઓ ફરી ગયેલ છે તેટલા માત્ર કારણસર આરોપીઓને શંકાનો લાભ આપી શકાય નહીં. ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરે છે, ત.ક.અમલદાર ધ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો રજુ રાખેલ છે. આમ, આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો હોય કાયદા મુજબની સજા ફરમાવવા દલીલ કરેલ છે.

**11.** આરોપી તરફે વિ.વ.શ્રી વી.કે.જેઠવાનાઓની દલીલો સાંભળેલ છે. તેમની રજુઆત મુજબ આ કામે સોગંદ ઉપર તપાસવામા આવેલા સાહેદોમાથી ફરીયાદી અને ત.ક.અ. સિવાયના મોટા ભાગના સાહેદો ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા છે, આરોપીઓ વિરૂધ્ધ કોઈ સીધો કે નિ:શંક પુરાવો રજુ નથી. ફરીયાદી અને પોલીસ સાહેદ એવા ત.ક.અમલદારના પુરાવાના આધારે ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલો હોવાનુ ગણી શકાય નહીં. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**12.** પક્ષકારો તરફેની ઉપરોકત રજુઆત સાથે મારી સમક્ષના પુરાવાને ઘ્યાને લેતા આ કેસના આખરી ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

:૧: શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એકસંપ કરી, ફરીયાદીના પતિને ભુંડી ગાળો આપી, ઝઘડો કરતા ફરીયાદી વચ્ચે પડતા, આરોપી નં.૫ નાએ ફરીયાદીને કપાળમાં છરીથી ઈજા કરી, ફરીયાદીની રૂા.૯૦,૦૦૦/– ની કિંમતની ત્રણ તોલા સોનાની ચેનની લુંટ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી, મ્હે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જુનાગઢનાઓના જાહેરનામાંનો ભંગ કરી ઈ. પી. કોડની કલમ–૩૯૫, ૩૯૪,૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૩૨૩, ૫૦૬(૨), જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ છે ?

:૨: શું હુકમ ?

**13.** ઉપરોકત મુદાઓ પરના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમા.
૨. આખરી હુકમ મુજબ.

**14.** ઉપરોકત મારા મુદા ઉપરના કારણો અને આધાર નીચે મુજબ છે :–

## –: કા ર ણો :–

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા :–**

**15.** આ કામે આંક–૪૮ થી અસલ ફરિયાદ રજુ છે. જે ફરીયાદની વિગત ઘ્યાને લેવામા આવે તો ફરીયાદ તા.૪/૧૧/૨૦૧૮ ના રોજ ફરીયાદી/ભોગ બનનાર જાયદાબેન વા/ઓ. ભીખુશા લાખાબાપુ રફાઈ ઘ્વારા વિસાવદર પોલીસ સ્ટેશન કેમ્પ 'સી' ડીવીઝન પોલીસ સ્ટેશન જુનાગઢમાં કલાક ૩/૦૦ વાગ્યે નોંધાવવામા આવેલ છે. જે મુજબ ફરીયાદી રાજપરા, તા.વિસાવદર મુકામે તેમના પરિવાર સાથે રહે છે. ફરીયાદી ઘરકામ કરે છે. ફરીયાદ મુજબ તા.૦૩/૧૧/૨૦૧૮ ના સાંજના છએક વાગ્યે ફરીયાદી

તથા તેણીના પતિ તથા તેણીના સંતાનો એમ બધા તેમના ઘરે હતા. દરમ્યાન વિસાવદરનો રહેવાસી નાસીર આવેલ અને તેની સાથે બીજા બે અજાણ્યા માણસો હતા અને તેની પાસે મોટર સાયકલ હતુ. અને તેની પાછળ બાલુભાઈ મેર તથા રવિભાઈ મેર આ બન્ને ફોર વ્હીલ લઈને આવેલ. આ પાંચેય જણા ફરીયાદીના પતિ પાસે આવેલ અને કહેવા લાગેલ કે, ''બે વર્ષ અગાઉ તે બાલુભાઈ મેરની વિધિ કરી આપેલ ત્યારે બાલુભાઈએ તમને રૂપિયા વિસ લાખ આપેલ હતા તે પાછા આપી દયો. તમારી વિધિથી કોઈ ફરક પડેલ નથી.'' જેથી ફરીયાદીના પતિએ કહેલ કે, ''બાલુભાઈએ અમને ત્રણ લાખ રૂપિયા આપેલ હતા. અને અત્યારે મારી પાસે આટલા બધા પૈસા નથી.'' આ વાતચીત ચાલતી હતી. દરમ્યાન દુધાળા ગામનો પીરૂભાઈ તથા વિસાવદરનો રહેવાસી પોપટ બન્ને મોટર સાયકલ લઈને આવેલ અને ફરીયાદીના પતિને તથા આ લોકોને અંદરો અંદર બોલાચાલી થતા બાલુભાઈ ફરીયાદીના પતિને ભુંડી ગાળો આપવા લાગેલ. જેથી ફરીયાદીના પતિએ આ લોકોને ગાળો આપવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલ. તે બધા લોકો પાસે છરીઓ હોય જે છરીઓ કાઢી ફરીયાદીના પતિને મારવા દોડેલ. જેથી ફરીયાદી દોડીને આડી પડવા જતા(ફરીયાદી વચ્ચે પડતા) દુધાળા વાળા પીરુભાઈએ છરીઓ એક ઘા ફરીયાદીના કપાળના ભાગે છરી મારી દીધેલ. જેથી ફરીયાદીના કપાળમાં ચરકો પડી ગયેલ અને ફરીયાદીને લોહી નીકળવા લાગેલ. આ બધા લોકો ફરીયાદીને તથા તેણીના પતિને અને તેણીના સંતાનોને આડા અવળા મારવા દોડતા તેઓ બધા ભાગવા લાગેલ. આ વખતે હો દેકારો થતા ફરીયાદીની બાજુની વાડીમાં ફરીયાદીના દીયર હાજીશા તથા ફરીયાદીના દેરાણી ફરમાબેન આવી ગયેલ. ફરીયાદીના ભાગ્યા(ભાગમા ખેતી કરનાર) વિનુભાઈ તથા તેમનો દિકરો આ બધા લોકો આવી ગયેલ અને તેઓને વધુ મારમાથી છોડાવેલ. જેથી આરોપીઓ ત્યાંથી જતા રહેલ અને જતા જતા નાશીર તેઓને ગાળો આપતો હતો અને કહેતો હતો કે, ''સાંજ સુધીમાં તમે જોય લો તમને જીવતા નથી રહેવા દેવા.'' તેમ કહી નાશીર અને બીજા લોકો ફોરવ્હીલમાં જતા રહેલ. આરોપીઓ તેમના બે મોટર સાયકલ તુટેલ હાલતમાં ત્યાં મુકીને જતા રહેલ હતા. ફરીયાદી તથા તેણીના દેરાણી ૧૦૮ મા બેસી પ્રથમ વિસાવદર બાદ જુનાગઢ સરકારી હોસ્પિટલમા સારવારમા આવેલ હતા. આ બનાવની હકીકત એવી

છે કે, ફરીયાદ કર્યાની તારીખથી બે વર્ષ પહેલા ફરીયાદીના પતિએ બાલુભાઈ મેર રે.પોરબંદર વાળાની વિધિ કરી આપેલ હોય જેના બદલે તેમણે ફરીયાદીના પતિને ત્રણ લાખ રૂપિયા આપેલ હોય જે રૂપિયા પાછા માંગવા આવેલ અને ફરીયાદીના પતિએ રૂપીયા નથી તેમ જણાવતા આ બાલુભાઈ તથા તેની સાથે આવેલ માણસોએ એકસંપ કરી, ફરીયાદીના પતિ પર હુમલો કરતા ફરીયાદી વચ્ચે પડતા ફરીયાદીને કપાળના ભાગે છરીનો ચરકો પાડી દીધેલ અને ફરીયાદીના ગાળામાં પહેરેલ સોનાનો ચેન ત્રણ તોલાનો કિંમત રૂા.૯૦,૦૦૦/– નો સાથેના પીરૂભાઈએ ઝુટવી લીધેલ અને ભુંડી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે.

**16.** હવે આ સંદર્ભમાં રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો આ કામે આંક–૪૭ થી ફરીયાદપક્ષના સાહેદ નં.૭ તરીકે ફરીયાદી જાયદાબેન વા/ઓ. ભીખુશા રફાઈનો પુરાવો રજુ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે,

''હું ઉપર જણાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને ઘરકામ કરુ છુ. બનાવ આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલ. બનાવ આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલ. બનાવ બનેલ તે વખતે સાંજના છએક વાગે અમો વાડીએ હતા. તે સમયે મારા પતી અને બાળકો પણ વાડીએ હાજર હતા. વાડીએ જ અમારુ ઘર છે. તે વખતે નાસીર અને તેની સાથે ૧૦–૧૫ લોકો આવેલ અને માથાકુટ કરેલ. તે લોકોએ આવી મારા પતી પાસે ૧૮ લાખની ખંડણી માગેલ હતી. અમારી પાસે ખંડણીની રકમ કોઈપણ કારણ વગર માગેલ. અમારા પાસે ન હોય અમો આપી શકીએ નહી તેવુ અમોએ જણાવેલ. મારા પતી ખેતીકામ કરે છે. આ લોકો આવેલ તે વખતે નાસીરના હાથમા છરી હતી, બીજા લોકોના હાથમા પણ છરી હતી પરંતુ તેઓના નામ મને આવડતા નથી. મને નાસીરે કપાળના ભાગે છરી મારી દીધેલ. આ બનાવ બનેલ ત્યારે મારા પતી અને બાળકો પણ હાજર હતા. તે વખતે મારા પતી અને નાસીર અને તેના માણસો સાથે પણ મારે ઝપાઝપી થયેલ તે

સમયે મને આ કપાળના ભાગે છરીથી ઈજા થયેલ. બીજે દીવસે બીજી વખત જે અગાઉ આવેલ તે નાસીર સાથેના માણસો આવેલ. તે સમયે તેઓએ ફાયરીંગ કરેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. અમો વાડી વીસ્તારમા રહેતા હોવાથી બનાવ બનેલ તે વખતે આજુબાજુમાથી કોઈ આવેલ નહી. વાડી વીસ્તાર હોય બાજુમા રહેતા લોકો સાંજના સમયે વાડીએ રહેતા ન હોય અને મારા દીયરને એ લોકો ગામમા રહે છે. બીજી વાર નાસીરભાઈ તથા તેની સાથેના લોકો અમારી ઘરે આવેલ અને અમારા ઘરમા લગાવેલ સીસીટીવી કેમેરા એ બધુ લઈ ગયેલ. મને જયારે કપાળના ભાગે છરીથી ઈજા થયેલ તે વખતે અમો ૧૦૮ મા વીસાવદર દવાખાને ગયેલ અને ત્યાથી ડો. સા. એ જુનાગઢ રીફર કરેલ. બનાવના કારણ બાબતે હું કંઈ જાણતી નથી પરંતુ આ લોકોએ ૧૮ લાખ રૂપીયા માગેલ જે મારા પતીએ ન આપતા હાલનો બનાવ બનેલ. મને કોર્ટ રેકર્ડમાથી અસલ ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દા.આં. ૪૮. મને મુદામાલ બતાવવામા આવે તો હું ઓળખી શકુ. અમારી ઘરે જે વ્યકિત આવેલા તે પૈકીના ૩ આજરોજ કોર્ટમા હાજર છે જેમાથી ૧ વ્યકિતનુ નામ પ્યારુભાઈ છે તેના પીતાજીનુ નામ વલીબાપુ છે અને તે મકરાણી છે. આરોપીને આજરોજ અદાલત રૂબરૂ તેનુ નામ પુછતા પીરમહમદ વલીમહમદ બ્લોચ હોવાનુ જણાવે છે. આ સીવાય અન્ય બંને હાજર વ્યકિતઓના નામ ફરીયાદી ન જાણતી હોવાનુ જણાવે છે.'' સદર ફરીયાદી આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''મને લખતા વાંચતા નથી આવડતુ. એ વાત ખરી છે કે અમારે આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ. પોલીસે લખેલ તૈયાર ફરીયાદમા મને સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. આ ફરીયાદમા પોલીસે શુ લખેલ તે મને પોલીસ ે વાંચી સંભળાવેલ નહી અને તેમા શુ લખેલ હતુ તે પણ મને ખબર નથી. મે આજરોજ પ્યારુભાઈને જે ઓળખી બતાવેલ છે તેને હું ઘણા વર્ષોથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે આ કહેવાતા બનાવ સમયે મારા સીવાય બીજુ કોઈ ત્યાં હાજર નહોતુ. એ વાત ખરી છે કે બનાવ સમયે મજીદશા, મારા બાળકો,

દેર,દેરાણી તે પૈકી કોઈ ત્યાં હાજર નહોતુ. એ વાત ખરી છે કે તે સમયે મારા પતી પણ હાજર નહોતા. એ વાત ખરી છે કે મે પોલીસને કઈ વ્યકિતએ શુ હથીયારનો ઉપયોગ કરેલ તેવી કોઈ વીગત પોલીસને જણાવેલ નહોતી. એ વાત ખરી છે કે હું પડી જતા મને પથ્થરની ધાર વાગતા મને ઈજા થયેલ અને તેની મે સારવાર લીધેલ. એ વાત ખરી છે કે મે ફરીયાદ આપ્યા બાદ મારુ કોઈ વીશેષ નીવેદન લેવાયેલ નથી.''

**17.** આમ ફરીયાદીના ઉપરોકત સમગ્ર પુરાવાનું મુંલ્યાકન કરવામા આવે તો ફરીયાદીએ તેણીની સરતપાસમા નાસીર અને તેની સાથે ૧૦–૧૫ લોકો આવેલ અને માથાકુટ કરેલ અને અઢાર લાખની ખંડણી કોઈપણ કારણ વગર માંગેલાનુ જણાવેલ છે. જયારે ફરીયાદીએ તેમની ફરીયાદમા પાંચ આરોપીઓની સંખ્યા જણાવેલ છે અને ખંડણીની ઉઘરાણી બાબતે ફરીયાદીના પતિએ આરોપી બાલુભાઈની વિધિ કરેલ તેના બદલામા ત્રણ લાખ ખંડણી માંગેલાનુ જણાવેલ છે. આમ ફરીયાદીની ફરીયાદમા ખંડણીની રકમ તથા આરોપીઓની સંખ્યા બાબતે મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે. ફરીયાદી સરતપાસમા આરોપીઓના નામ આવડતા નથી તેવી હકીકત જણાવે છે જયારે ફરીયાદમા આરોપીઓના નામ જણાવેલા છે. આમ ફરીયાદી આરોપીઓના નામ બાબતે પણ પોતાની ફરીયાદથી વિરોધાભાસી હકીકત તેમની સરતપાસમા જણાવે છે. ફરીયાદી સરતપાસમા બનાવ બનેલ ત્યારે તેણીના પતિ અને બાળકો પણ હાજર હોવાનુ જણાવે છે. જયારે ફરીયાદીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસ ધ્યાને લેતા કહેવાતા બનાવ સમયે ફરીયાદી સિવાય બીજુ કોઈ ત્યાં હાજર નહોતુ તેમ સ્વીકારેલ છે. આમ ફરીયાદી તેમની ફરીયાદ તથા સરતપાસથી વિરોધાભાસી હકીકત તેમની ઉલટતપાસમા જણાવતા હોવાનુ પણ જણાય આવે છે. ફરીયાદી તેમની સરતપાસમા બનાવ બે દિવસ બનેલાનુ અને બીજા દિવસે આરોપી નાસીર સાથે બીજા માણસોએ ફાયરીંગ કરેલાનુ જણાવેલ છે. જયારે ફરીયાદીએ ફરીયાદમા આવી કોઈ હકીકત જણાવેલી નથી. ફરીયાદી તેમની સરતપાસમા બનાવ બનેલ તે વખતે આજુબાજુમાથી કોઈ આવેલ નહીં તેવી ફરીયાદથી વિરોધાભાસી એવી હકીકત ફરીયાદી તેમની સરતપાસમા જણાવે છે. જયારે ફરીયાદમા

ફરીયાદીની બાજુની વાડીમાં ફરીયાદીના દીયર હાજીશા તથા ફરીયાદીના દેરાણી ફરમાબેન આવી ગયેલ અને ફરીયાદીના ભાગ્યા વિનુભાઈ તથા તેમનો દિકરો આ બધા લોકો આવી ગયેલ અને તેઓને વધુ મારમાથી છોડાવેલ તેમ લખાવેલ છે. આમ ફરીયાદી તેમની ફરીયાદથી તદ્દન વિરોધાભાસી હકીકત તેમના મૌખીક પુરાવા દરમ્યાન જણાવતા હોય તેમ સ્પષ્ટપણે જણાય આવે છે. ફરીયાદી તેમની સરતપાસમા આરોપીઓ તેમના ઘરમા લગાવેલ સી.સી.ટી.વી. કેમેરા એ બધુ લઈ ગયેલાનુ જણાવેલ છે જયારે આવી કોઈ હકીકત ફરીયાદમા ફરીયાદીએ જણાવેલી નથી. પોલીસે તપાસ દરમ્યાન આવા કોઈ સી.સી.ટી.વી. ફુટેઝીસ કબજે કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ નથી. તેવા કોઈ સી.સી.ટી.વી. ફુટેઝીસ બાબતે અન્ય કોઈ સાહેદોનો સમર્થનકારી પુરાવો રજુ નથી. તેમજ ફરીયાદીએ તેમના પુરાવા પૈકી સરતપાસમા બનાવના કારણ બાબતે તેણી કાંઈ જાણતી નથી પરંતુ આરોપીઓએ ૧૮ લાખ રૂપીયા માંગેલ જે ફરીયાદીના પતિએ ન આપતા હાલનો બનાવ બનેલાનુ જણાવેલ છે. જયારે ફરીયાદમા આરોપીઓએ રૂપીયા વીસ લાખ તેમના પતિ પાસેથી માંગેલ હોવાનુ અને ફરીયાદીના પતિએ બાલુભાઈની વિધિ કરી તેના ત્રણ લાખ રૂપીયા ફરીયાદીના પતિની પાસે ન હોય જેથી બનાવ બનેલાનુ જણાવેલ છે. આમ ફરીયાદી બનાવના કારણ બાબતે પણ ફરીયાદ અને મૌખીક પુરાવામા વિરોધાભાસી પુરાવો રજુ રાખે છે. એટલુ જ નહીં ફરીયાદમા નથી તેવી નવી જ હકીકત તેમની જુબાની દરમ્યાન જણાવે છે કે આરોપીઓએ તેમના પતિ પાસે ''ખંડણીની રકમ'' વિના કોઈ કારણે માંગેલ હતી. આમ આ બાબતે ફરીયાદી અલગ અલગ હકીકતો જણાવતા હોય તેમ જણાય આવે છે. ફરીયાદી સરતપાસમા એક માત્ર આરોપી પ્યારુભાઈનુ નામ જણાવે છે બીજા બંને હાજર વ્યકિતઓના નામ જાણતા ન હોવાનુ જણાવે છે. જયારે ફરીયાદમા નાસીર ઉપરાંત બીજા આરોપીઓના પણ નાામ લખાવેલ છે. તેમજ બચાવપક્ષની ઉલટતપાસમા ફરીયાદીએ બનાવ સમયે બનાવ સમયે, બનાવ સ્થળે મજીદશા, ફરીયાદીના બાળકો, દેર, દેરાણી તે પૈકી કોઈ ત્યાં હાજર નહોતુ તેમ સ્વીકારેલ છે. તેમજ ઉલટતપાસમા બનાવ સમયે ફરીયાદીના પતિ પણ હાજર નહોતા તેમ સ્વીકારેલ છે. જયારે ફરીયાદમા ફરીયાદીએ ફરીયાદી તથા તેણીના પતિ તથા તેણીના સંતાનો એમ બધા તેઓ તેમના ઘરે હતા તેવી હકીકત જણાવેલી છે. આમ

ફરીયાદથી તદ્દન વિરોધાભાસી હકીકત ફરીયાદી તેમના પુરાવામા જણાવે છે. તેમજ ફરીયાદી બચાવપક્ષની ઉલટતપાસમા આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલાનુ અને પોલીસે તૈયાર ફરીયાદમા સહી કરવાનુ કહેતા સહી કરી આપેલાનુ અને ફરીયાદમા પોલીસે શું લખેલ તે પોલીસે ફરીયાદીને વાંચી, સંભળાવેલ નહી અને ફરીયાદમા શું લખેલ હતુ તે પણ ફરીયાદીને ખબર નથી અને ફરીયાદીએ પોલીસને કઈ વ્યકિતને શું હથીયારનો ઉપયોગ કરેલ તેવી કોઈ વિગત જણાવેલ નહોતી અને ફરીયાદીને પડી જતા પથ્થરની ધાર વાગતા ઈજા થયેલાનુ અને તેની ફરીયાદીએ સારવાર લીધેલાનુ સ્વીકારેલ છે. તે સંજોગોમાં ફરીયાદીનો પુરાવો વિશ્વાસજન્ય ગણી શકાય નહીં. વળી ફરીયાદીના આવા પુરાવાને ધ્યાને લેતા આ કમના આરોપીઓએ ફરીયાદીને કોઈ હથીયાર વડે ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકત ફરીયાદીના મૌખીક પુરાવાના આધારે પુરવાર થતી નથી. આમ ફરીયાદી તેમની ફરીયાદ તથા સરતપાસથી તદ્દન વિરોધાભાસી હકીકત તેમની ઉલટતપાસમા જણાવતા હોય જેથી આંક–૪૮ ની ફરીયાદની હકીકત ફરીયાદીના પુરાવાના આધારે નિ:શંકપણે પુરવાર થતી નથી તેમ અત્રેની કોર્ટનુ સ્પષ્ટપણે માનવુ છે. જેથી ફરીયાદીનો પુરાવો વિશ્વાસજન્ય રીતે માની શકાય તેમ નથી. વળી, ફરીયાદીનો આવો પુરાવો આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી. બલ્કે આક્ષેપીત ગુનાની સત્યતતા બાબતે બચાવપક્ષ વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ છે.

**18.** વળી, ફરીયાદ એક દિવસ બાદ લખાવવા માટેનુ કોઈ વિલંબનુ કારણ ફરીયાદમા જણાવેલ નથી કે ફરીયાદી ધ્વારા તેમની જુબાની દરમ્યાન પણ કારણ સ્પષ્ટ કરવામા આવેલ નથી. આ ઉપરાંત કોઈપણ આરોપી ધ્વારા પોતાને કોઈપણ પ્રકારની ઈજા કરેલ હોય તેવો પણ કોઈ સમર્થનકારી પુરાવો રજુ રાખવામા આવતો નથી. આરોપી પીરૂભાઈ ધ્વારા છરીનો ઘા મારેલાની ફરીયાદની હકીકતને પણ કોઈ સમર્થન કરતો પુરાવો સાહેદ તેમની જુબાની દરમ્યાન રજુ રાખતા નથી. વળી, આરોપીઓ ધ્વારા ફરીયાદીના ઘરે હુમલો કરવામા આવેલ છે તો તે સંજોગોમાં આરોપીઓના બે મોટર સાયકલ કયા કારણસર તુટી ગયા તેની પણ કોઈ સ્પષ્ટતા ફરીયાદ કે ફરીયાદીના પુરાવામા નથી. તેવી જ રીતે ફરીયાદ મુજબ ફરીયાદી તેમના દેરાણી સાથે ૧૦૮ એમ્બ્યુલન્સમા પ્રથમ

વિસાવદર અને બાદ જુનાગઢ સરકારી હોસ્પિટલમા સારવારમા ગયેલ હોવાનુ જણાવે છે પરંતુ તેવી કોઈ હકીકતને પણ ફરીયાદી ધ્વારા તેમના કોર્ટ રૂબરૂના પુરાવામા સમર્થન કરતો પુરાવો રજુ રાખેલ નથી.

**19.** આ કામના આરોપી પીરૂભાઈએ ફરીયાદીના ત્રણ તોલા સોનાનો ચેન લુટી લીધેલાની ફરીયાદની હકીકતને પણ લેશમાત્ર સમર્થન કરતો પુરાવો ફરીયાદી ધ્વારા તેમના પુરાવા દરમ્યાન રજુ રાખેલ નથી. આ સંજોગોમાં કોઈપણ આરોપી ધ્વારા લુટ કરવામા આવેલ હોય કે આરોપીઓએ એકબીજાની મદદગારીમા ધાડ પાડેલ હોવાની હકીકતને પણ ફરીયાદીના પુરાવાથી સમર્થન મળતુ નથી. વળી, તપાસ એજન્સી ધ્વારા પંચનામાંની વિગતે આરોપીઓ પાસેથી છરી ઉપરાંત લોખંડના પાઈપ અને કુહાડી પણ કબજે કરવામા આવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આવા ઘાતક હથીયારો જાહેરમા ધારણ કરીને આરોપીઓએ એકસંપ કરી, ફરીયાદી અને તેના પતિ ઉપર હુમલો કરેલ છે. પરંતુ ફરીયાદીની સમગ્ર ફરીયાદમા કે આંક–૪૭ ની જુબાનીમા કયાંય પણ કોઈપણ આરોપી ધ્વારા લોખંડની પાઈપ કે કુહાડી ધારણ કરેલ હોય કે તેવા મારક હથીયારો સાથે ફરીયાદી ઉપર હુમલો કરેલ હોય તેવો પુરાવો રજુ રાખેલ નથી.

**20.** વળી, ફરીયાદ મુજબ બનાવ એક જ વખત બનેલ છે. જયારે ફરીયાદી તેમની આંક–૪૭ ની જુબાનીમા બીજા દિવસે બીજી વખત આરોપીઓ આવેલા હોવાનુ અને ફાયરીંગ કરેલ હોવાનુ તદ્દન નવી જ હકીકત કોર્ટ રૂબરૂની જુબાનીમા જણાવે છે કે જે બાબતે ફરીયાદમા કોઈ ઉલ્લેખ નથી કે તેવો ફરીયાદપક્ષનો કોઈ કેસ નથી. તપાસ એજન્સી ધ્વારા આ ગુનાની તપાસના કામે આવુ ફાયરીંગ થયેલ હથીયાર કબજે લેવામા આવેલ નથી કે તેવા કોઈ હથીયારોનો આ ગુનાના કામે ઉપયોગ થયેલ હોવાની હકીકતને ત.ક.અમલદારના પુરાવા સહિત કોઈપણ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી. ત્યારે ફરીયાદી બનાવની બઢાવી ચઢાવીને જુબાની આપતા હોવાનુ માનવાને કારણ રહે છે. આ સંજોગોમાં પણ ફરીયાદીનો પુરાવો વિશ્વાસજન્ય ગણી શકાય નહીં.

**21.** આરોપી તરફેની ઉલટતપાસમા ફરીયાદી જયારે આરોપીઓ સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલાનુ જણાવે છે ત્યારે પણ ફરીયાદપક્ષના કેસ બાબતે આરોપી પક્ષ વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ છે. ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીને થયેલ ઈજા આરોપી પીરૂભાઈના છરીના ઘા ના કારણે નહીં પરંતુ ફરીયાદી પડી જતા પથ્થરની ધાર વાગતા પોતાને ઈજા થયેલાનો રજુ વિરોધાભાસી પુરાવો ધ્યાને લેતા સદર ફરીયાદીનો પુરાવો લેશમાત્ર વિશ્વાસજન્ય જણાતો નથી. આમ ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપી પક્ષ મુળભુત બનાવ બાબતે જ વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ છે. તે સંજોગોમાં માત્ર ફરીયાદીના પુરાવાને ત.ક.અમલદારના પુરાવાથી આશીંક સમર્થન મળે છે એટલા માત્ર કારણસર આરોપીઓને આક્ષેપીત કોઈ ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**22.** ફરીયાદપક્ષના સાહેદ નં.૮ એવા ફરીયાદીના પતિ ભીખુશા લાખાશા રફાઈ આંક–૫૧ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''હુ ઉપર જણાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ. મારી પત્નીનુ નામ જાયદા છે. મારે સંતાનોમા ૩ દીકરા અને એક દીકરી છે. જેમા મોટો દીકરો મજીદશા, તેનાથી નાનો કમાલશા, તેનાથી નાનો શબ્બીરશા અને તેનાથી નાની દીકરી શબાના છે. અમો બધા રાજપરા ગામની સીમમા આવેલ અમારી વાડીએ મકાનમા સાથે રહીએ છીએ. બનાવ આજથી આશરે બેક વર્ષ પહેલા સાંજના ૫ થી ૬ ના ગાળામા બનેલ હતો. ત્યારે હું, મારી પત્ની તથા મારા સંતાનો અમો બધા અમારા ઘરે હતા. તે દરમ્યાન વીસાવદરનો રહેવાસી નાસીર આવેલ. તેની સાથે બીજા ૮–૧૦ અજાણ્યા માણસો હતા. તેઓ કાર તથા મો.સા. મા આવેલ હતા. આ લોકો બધા એક સાથે આવેલ નહી પરંતુ આગળપાછળ આવેલ. પાછળથી જે છોકરા આવેલ તેનુ નામ આવડતુ નથી અને હું તેને ઓળખતો નથી. આ લોકોએ આવી મારી પાસે રૂપીયા વીસ લાખની ખંડણી માગેલ પરંતુ મે આપેલ નહી. જેથી તે લોકો બોલાચાલી કરવા લાગેલ. પરંતુ બીજુ કંઈ બનેલ નહી. આ બાબતની મારી

પત્નીએ પોલીસમા ફરીયાદ આપેલ. આ બનાવમા કોઈને ઈજા થયેલ હોય એવુ બનેલ નહી. દવાખાને ગયેલ હોય એવુ પણ બનેલ નહી. પોલીસ ે પુછપરછ કરી મારુ નીવેદન લીધેલ. મુદામાલ મને બતાવવામા આવે તો હુ ઓળખી શકુ નહી. બનાવનુ કારણ અમારી પાસે ખંડણી માગતા મે ખંડણીની રકમ નહી આપતા હાલનો બનાવ બનેલ. આજરોજ આરોપી પીરુભાઈ કોર્ટમા હાજર છે જે પણ ખંડણી માગવા આવેલ લોકોમા સામેલ હતા જે હુ ઓળખી બતાવુ છુ. આ સીવાયના બીજા આરોપીઓ કોર્ટમા હાજર હોય તો હું ઓળખી શકુ નહી. પરંતુ નાસીરભાઈ હાજર હોય તો હુ ઓળખી શકુ.'' સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે મે મારા તા. ૪/૧૧/૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નીવેદનમા એવુ લખાવેલ કે ''તા. ૩/૧૧/૧૮ ના સાંજના છએક વાગે હું તથા મારી પત્ની તથા મારા સંતાનો એમ બધા અમો અમારા ઉપરોકત ઘરે હતા. દરમ્યાન વીસાવદરનો રહેવાસી નાસીર આવેલ અને તેની સાથે બીજા બે અજાણ્યા માણસો હતા અને તેની પાસે મો.સા. હતુ. અને તેની પાછળ બાલુભાઈ મેર તથા રવીભાઈ મેર આ બંને ફોર વ્હીલ લઈને આવેલ અને આ પાંચેય જણા મારી પાસે આવેલ અને કહેવા લાગેલ બે વર્ષ અગાઉ તે બાલુભાઈ મેરની વીઘી કરી આપેલ ત્યારે બાલુભાઈએ તમને રૂપીયા વીસ લાખ આપેલ હતા તે પાછા આપી દો. તમારી વીઘીથી કોઈ ફરક પડેલ નથી. જેથી મે કહેલ કે, બાલુભાઈએ મને ૩ લાખ રૂપીયા આપેલ હતા. અને અત્યારે મારી પાસે આટલા બધા પૈસા નથી. આ વાતચીત ચાલતી હતી. દરમ્યાન દુધાળા ગામનો પીરુભાઈ તથા વીસાવદરનો રહેવાસી પોપટ બંને મો.સા. લઈને આવેલ ત્યારે મારે તથા આ લોકોને અંદરોઅંદર બોલાચાલી થતા બાલુભાઈ મને ભુંડી ગાળો આપવા લાગેલ જેથી મે આ લોકોને ગાળો આપવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલ અને તે બધા લોકો પાસ ે છરીઓ હોય જે છરીઓ કાઢી મને મારવા દોડેલ જેથી મારી પત્ની જાયદા

દોડીને આડી પડવા જતા દુધાળા વાળા પીરૂભાઈએ છરીનો એક ઘા જાયદાના કપાળના ભાગે છરી મારી દીધેલ જેથી જાયદાના કપાળમા ચરકો પડી ગયેલ અને જાયદાને લોહી નીકળવા લાગેલ આ વખતે આ પીરુભાઈએ મારી પત્ની જાયદાએ ગળામા ૩ તોલાનો સોનાનો ચેન કીંમત રૂપીયા નેવુ હજારનો પહેરેલ હતો તે ખેંચીને ઝુંટવી લીધેલ અને આ બધા લોકો અમને આડા અવળા મારવા દોડતા અમો બધા ભાગવા લાગેલ આ વખતે હો દેકારો થતા અમારી બાજુની વાડીમા મારો નાનો ભાઈ હાજીશા તથા તેના રેશમાબેન આવી ગયેલ અને અમને વધુ મારમાથી છોડાવેલ જેથી આ બધા લોકો ત્યાંથી જતા રહેલ અને જતા જતા નાસીર અમને ગાળો આપતો હતો. અને કહેતો હતો કે સાંજ સુધીમા તમે જોયલો તમને જીવતા નથી રહેવા દેવા તેમ કહી નાસીર અને બીજા લોકો ફોરવ્હીલમા જતા રહેલ અને તેમના બે મો.સા. તુટેલ હાલતમા ત્યા મુકીને જતા રહેલ હતા અને મારી પત્નીને કપાળમાથી લોહી નીકળતુ હોય જેથી મે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવેલ અને તેમા મારી પત્નીને મારા બા અમીનાબેન તથા હાજીભાઈના પત્ની રેશમાબેન બેસાડી પ્રથમ વીસાવદર સરકારી દવાખાને સારવારમા લઈ ગયેલ અને ત્યાથી ડો. સા. એ વધુ સારવાર માટે જુનાગઢ લઈ જવાનુ કહેતા મારી પત્નીને મારા બા તથા રેશમાબેન જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ હતા. જયાં સારવાર આપી ડો.સા. એ મારી પત્નીને રજા આપતા આ બધા લોકો આજરોજ સવારે અમારા ઘરે આવેલ છે. અને જુનાગઢ મારી પત્નીએ ઉપરોકત તમામ વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે.'' વધુમા તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા તા. ૪/૧૧/૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નીવેદનમા બનાવનુ કારણ એવુ લખાવેલ કે ''આજથી બે વર્ષ પહેલા મે બાલુભાઈ મેર રે. પોરબંદર વાળાની વીઘી કરી આપેલ હોય જેના બદલે તેમણે મને ૩ લાખ રૂપીયા આપેલ હોય જે રૂપીયા પાછા માંગવા આવેલ અને મે રૂપીયા નથી તેમ જણાવતા આ બાલુભાઈ તથા તેની સાથે આવેલ માણસોએ એકસંપ કરી મારા ઉપર હુમલો કરતા મારી પત્ની વચ્ચે પડતા તેને કપાળના ભાગે છરીનો ચરકો પાડી દીધેલ અને તેના ગળામા રહેલ સોનાનો ચેન ૩ તોલાનો કીંમત રૂપીયા નેવુ

હજારનો સાથેના પીરુભાઈએ ઝુંટવી લીધેલ અને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે.'' વધુમા તેઓએ જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે આરોપીઓ સાથે મારે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી નથી કે સમાધાન થઈ ગયેલ હોવાથી ખોટી જુબાની આપુ છુ.'' સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલ એ સીવાય બીજી કોઈ વીગત પુછેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વીશે હું કંઈ જાણતો નથી કે મે કઈ લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે હથીયારના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે નાસીરભાઈ ઘાંચી સમાજના પ્રમુખ હોય તેઓને બનાવ પહેલાથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે પીરુભાઈ મારી બાજુના દુધાળા ગામના છે અને તેના પીતાને પણ ઓળખુ છુ.''

**23.** આમ, આ સાહેદ કે જેઓ ફરીયાદીના પતિ થાય છે તેમના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. તેમને ફરી ગયેલા જાહેર કરવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી એવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વિ.એ.પી.પી.શ્રીના પ્રશ્નના જવાબમા સાહેદ પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલાનુ સ્વીકારે છે. આરોપી તરફેની ઉલટતપાસમા પોલીસે માત્ર સાહેદનુ નામઠામ પુછેલ એ સીવાય બીજી કોઈ વીગત પુછેલ નહી. બનાવ વીશે સાહેદ કંઈ જાણતા નથી કે સાહેદે કઈ લખાવેલ નથી. સાહેદે કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે હથીયારના નામ જણાવેલ નથી. આમ, આ સાહેદનો આવો પુરાવો આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી. બલ્કે આક્ષેપીત ગુનાની સત્યતતા બાબતે બચાવપક્ષ વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ છે.

**24.** આમ, સદર ફરીયાદપક્ષના સાહેદ નં.૮ ની જુબાનીને રેકર્ડ ઉપરની હકીકત સાથે વંચાણે લેવામા આવે તો આંક–૪૮ ની ફરીયાદમા કયાંય પણ ૮–૧૦ માણસો ફરીયાદીને ત્યાં હુમલો કરવા આવેલાની હકીકત લખાવેલ નથી. ફરીયાદીના પુરાવા મુજબ બનાવ સમયે ૧૦–૧૫ લોકો આવેલા. જયારે આ સાહેદ નં.૮ ના પુરાવા મુજબ

બનાવ સમયે ૮–૧૦ માણસો આવેલા. આમ આ હુમલો કરનાર વ્યકિતઓની સંખ્યા બાબતે પણ સાહેદોના પુરાવામા એકસુત્રતા નથી. વળી, આ સાહેદ પણ ફરીયાદમા નથી તેવી નવી હકીકત જણાવે છે કે આરોપીઓ ધ્વારા વીસ લાખ રૂપીયાની ''ખંડણી'' માંગેલ. જે કોઈ હકીકત ફરીયાદીની ફરીયાદમા નથી. આરોપીઓ સામે ફરમાવવામા આવેલ તહોમતનામામા પણ આવી ખંડણીની માંગણી કરેલાનો કોઈ ચાર્જફ્રેમ થયેલ નથી. વળી, ફરીયાદપક્ષના કેસની વિરોધાભાસી એવી હકીકત આ સાહેદ તેમની જુબાની દરમ્યાન જણાવે છે કે બનાવમા બોલાચાલી સિવાય બીજુ કાંઈ બનેલ નહીં અને બનાવમા કોઈને ઈજા થયેલ હોય કે દવાખાને ગયેલ હોય તેવુ બનેલ નથી. તે સંજોગોમાં ફરીયાદની મહત્વની હકીકત કે આરોપીએ ફરીયાદીને કપાળમા છરીથી ચરકો કરી દીધેલો તે હકીકતને પણ સમર્થન મળતુ નથી. આરોપી તરફેની ઉલટતપાસમા પોલીસે માત્ર તેમનુ નામઠામ પુછેલ હોવાનુ અને તેઓએ પોલીસને કાંઈ જવાબ લખાવેલ ન હોવાનો ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી પુરાવો રજુ રાખે છે. સદર સાહેદ ધ્વારા તેમના સોગંદ ઉપરની જુબાનીમા કયાંય પણ આરોપીઓએ હથીયારો ધારણ કરેલાની હકીકતને સમર્થન કરેલ નથી. એટલુ જ નહીં કયા આરોપી પાસે કયુ હથીયાર હતુ તે બાબતે પણ કોઈ સમર્થનકારી પુરાવો આ સાહેદના પુરાવા દરમ્યાન રજુ થતો નથી. તે સંજોગોમાં આ સાહેદનો પુરાવો પણ માની શકાય તેવો વિશ્વસનીય જણાતો નથી.

**25.** ફરીયાદપક્ષના સાહેદ નં.૯ એવા ફરીયાદીના પુત્ર મજીદશા ભીખુશા રફાઈ આંક–પર તથા સાહેદ નં.૧૦ એવા ફરીયાદીના પુત્ર કમાલશા ભીખુશા રફાઈ આંક–પ૩ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો કોઈ પુરાવો રજુ રાખતા નથી. સદર બન્ને સાહેદોના પુરાવા મુજબ ફરીયાદી તેમના માતા થાય છે અને બનાવ સાંજના પાંચ–છ ના સુમારે તેમની વાડીમા બનેલ હોવાનુ અને તે સમયે વાડીમા તેમના માતા–પિતા અને ભાઈ–બહેન હોવાનુ જણાવે છે. આ સાહેદો પણ ફરીયાદપક્ષનો કેસ નથી તેવી નવી હકીકત બાબતે પુરાવો રજુ રાખે છે કે આરોપીઓએ રૂપીયા વીસ લાખની ખંડણી માંગેલી. સદર બન્ને સાહેદોના પુરાવા મુજબ આરોપીઓ ફરીયાદીના પતિ સાથે બોલાચાલી કરવા લાગેલા. પરંતુ

તે સિવાય બીજુ કાંઈ બનેલ ન હોવાનુ અને બનાવમા કોઈને ઈજા થયેલ ન હોવાનુ તેમજ કોઈ દવાખાને ગયેલ ન હોવાનુ ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી પુરાવો રજુ રાખે છે. આરોપીઓ તરફેની ઉલટતપાસમા સાહેદો સ્વીકાર કરે છે કે પોલીસે તેઓનુ માત્ર નામઠામ પુછેલુ અને તેઓ બનાવ વિશે કંઈ જાણતા નથી કે પોલીસને કાંઈ લખાવેલ નથી. આમ આ બે સાહેદોનો પુરાવો પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો નથી.

**26.** આમ, આ બન્ને સાહેદ કે જેઓ ફરીયાદીના પુત્રો થાય છે તેમના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસમા પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલાનુ બન્ને સાહેદે સ્વીકારેલ છે. આરોપીઓ તરફેની ઉલટતપાસમા  પોલીસે માત્ર સાહેદનુ નામઠામ પુછેલ એ સીવાય બીજી કોઈ વીગત પુછેલ નહી. બનાવ વીશે બન્ને સાહેદ કંઈ જાણતા નથી કે બન્ને સાહેદે કઈ લખાવેલ નથી. બન્ને સાહેદે કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે હથીયારના નામ જણાવેલ નહીં હોવાનુ આ બન્ને સાહેદના પુરાવા ઉપરથી જણાય આવે છે. આમ, આ બન્ને સાહેદનો આવો પુરાવો આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી. બલ્કે આક્ષેપીત ગુનાની સત્યતતા બાબતે બચાવપક્ષ વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ છે.

**27.** ફરીયાદપક્ષના સાહેદ નં.૧૧ એવા ફરીયાદીના દીયર હાજીશા  લાખાશા રફાઈ આંક–૫૮ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

> ''હું ઉપર જણાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને ખેતીકામ કરુ છુ. બનાવ સાલ ૨૦૧૭ કે ૨૦૧૮ મા સાંજના ૫–૫:૩૦ વાગે બનેલ હતો. બનાવ બનેલ તે સમયે હું જુનાગઢમા હતો. મારા પત્ની તથા બાળકો મારા સાળાને ત્યાં ગયેલ હતા. બનાવ મારા ભાઈની વાડીએ બનેલ હતો. બનાવ બનેલ તે વખતે વાડીએ કોણકોણ હાજર હતુ તે બાબતની મને ખબર નથી. હું મારી પત્ની અને બાળકો અમારી વાડીએ કામ કરતા હોય અને હાજર હોય

તે વખતે કોઈ લોકો ત્યાં આવેલ હોય અને પૈસાની ઉઘરાણી કરી બોલાચાલી કરી અને અમારા ઉપર કોઈ હથીયારથી હુમલો કરેલ હોય કે કોઈ કીમતી વસ્તુ મારી પત્ની પાસેથી ઝુંટવી લીધેલ હોય એવુ બનેલ નથી. આ બનાવમા કોઈને ઈજા થઈ એવુ પણ બનેલ નથી. આ કામની ફરીયાદ જાયદાબેન વા.ઓ. ભીખુશા લાખાબાપુએ કરેલ હતી. પોલીસે પુછપરછ કરી મારુ નીવેદન લીધેલ.'' સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે મે મારા તા. ૪/૧૧/૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નીવેદનમા એવુ લખાવેલ કે ''તા. ૩/૧૧/૨૦૧૮ ના રોજ સાંજના છએક વાગે હું તથા મારી પત્ની રેશમા અમો બંને અમારી વાડીએ કામ કરતા હતા દરમ્યાન અમારી બાજુમા મારા મોટાભાઈ ભીખુશાની વાડી આવેલ છે. અને તે તેમના પરીવાર સાથે ત્યાં જ રહે છે. તેમની વાડીએ હો દેકારાનો અવાજ આવતા હું તથા મારી પત્ની દોડીને ત્યાં ગયેલ તો ત્યાં વીસાવદરનો રહેવાસી નાસીર તથા પોપટ અને દુધાળા વાળો પીરુભાઈ અને બીજા ૪ માણસો હાથમા છરીઓ લઈને આડા અવળા દોડતા હતા અને ગાળો બોલતા હતા. અને ભીખુશાની પત્ની મારા ભાભી જાયદાબેનના કપાળમાથી લોહી નીકળતુ હતુ. આ વખતે ભીખુશાના ભાગીયા વીનુભાઈ અને તેનો દીકરો વીજયભાઈ પણ આવી ગયેલ જેથી અમો બધાએ મળીને આ ભીખુશા અને તેમના પરીવારને વચ્ચે પડી છોડાવેલ હતા. અને ત્યારબાદ જાયદાબેનને માથામાથી લોહી નીકળતુ હોય ભીખુશાએ ૧૦૮ એમ્બ્યુલન્સ ફોન કરેલ હતો આ વખતે અમને ભીખુશાએ વાત કરેલ હતી કે, અત્યારે હું તથા મારા પત્ની તથા મારા સંતાનો એમ બધા અમો અમારા ઉપરોકત ઘરે હતા. દરમ્યાન વીસાવદરનો રહેવાસી નાસીર આવેલ અને તેની સાથે બીજા બે અજાણ્યા માણસો હતા અને તેની પાસે મો.સા. હતુ. અને તેની પાછળ બાલુભાઈ મેર તથા રવીભાઈ મેર આ બંને ફોર વ્હીલ લઈને આવેલ અને આ પાંચેય જણા મારી પાસે આવેલ અને કહેવા લાગેલ

બે વર્ષ અગાઉ તે બાલુભાઈ મેરની વીઘી કરી આપેલ ત્યારે બાલુભાઈએ તમને રૂપીયા વીસ લાખ આપેલ હતા તે પાછા આપી દો. તમારી વીઘીથી કોઈ ફરક પડેલ નથી. જેથી મે કહેલ કે, બાલુભાઈએ મને ૩ લાખ રૂપીયા આપેલ હતા. અને અત્યારે મારી પાસે આટલા બધા પૈસા નથી. આ વાતચીત ચાલતી હતી. દરમ્યાન દુધાળા ગામનો પીરુભાઈ તથા વીસાવદરનો રહેવાસી પોપટ બંને મો.સા. લઈને આવેલ ત્યારે મારે તથા આ લોકોને અંદરોઅંદર બોલાચાલી થતા બાલુભાઈ મને ભુંડી ગાળો આપવા લાગેલ જેથી મે આ લોકોને ગાળો આપવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલ અને તે બધા લોકો પાસ ે છરીઓ હોય જે છરીઓ કાઢી મને મારવા દોડેલ જેથી મારી પત્ની જાયદા દોડીને આડી પડવા જતા દુધાળા વાળા પીરૂભાઈએ છરીનો એક ઘા જાયદાના કપાળના ભાગે છરી મારી દીઘેલ જેથી જાયદાના કપાળમા ચરકો પડી ગયેલ અને જાયદાને લોહી નીકળવા લાગેલ આ વખતે આ પીરુભાઈએ મારી પત્ની જાયદાએ ગળામા ૩ તોલાનો સોનાનો ચેન કીમત રૂપીયા નેવુ હજારનો પહેરેલ હતો તે ખેંચીને ઝુંટવી લીઘેલ અને આ બધા લોકો અમને આડા અવળા મારવા દોડેલ તેમ વાત કરતા અમને બનાવની હકીકત જાણવા મળેલ હતી. આ વખતે ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા તેમા જાયદાબેનને બેસાડી મારી પત્ની તથા મારા બા અમીનાબેન વીસાવદર સરકારી દવાખાને સારવારમા લઈ ગયેલ હતા. અને ત્યાથી ડો. સા. એ વઘુ સારવાર માટે જુનાગઢ લઈ જવાનુ કહેતા જાયદાબેનને મારા બા તથા મારી પત્ની જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ હતા. જયા સારવાર આપી ડો.સા. એ જાયદાબેનને રજા આપતા આ બધા લોકો આજરોજ સવારે અમારા ઘરે આવેલ છે.'' વઘુમા તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા તા. ૪/૧૧/૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નીવેદનમા બનાવનુ કારણ એવુ લખાવેલ કે ''આજથી બે વર્ષ પહેલા મારા મોટા ભાઈ ભીખુશાએ બાલુભાઈ મેર રે.પોરબંદરવાળાની વીઘી કરી આપેલ હોય જેના બદલે તેમણે મારા મોટાભાઈ ભીખુશાને ૩ લાખ રૂપીયા આપેલ હોય જે રૂપીયા પાછા માંગવા આવેલ અને મારા મોટાભાઈ ભીખુશાએ રૂપીયા નથી

તેમ જણાવતા આ બાલુભાઈ તથા તેની સાથે આવેલ માણસોએ એકસંપ કરી મારા મોટાભાઈ ભીખુશા ઉપર હુમલો કરતા મારા ભાભી જાયદાબેન વચ્ચે પડતા તેને કપાળના ભાગે છરીનો ચરકો પાડી દીધેલ અને તેના ગળામા રહેલ સોનાનો ચેન ૩ તોલાનો કીંમત રૂપીયા નેવુ હજારનો સાથેના પીરુભાઈએ ઝુંટવી લીધેલ અને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે.''વધુમા તેઓએ જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે આરોપીઓ સાથે મારા ભાઈ તથા ભાભીને સમાધાન થઈ ગયેલ હોવાથી ખોટી જુબાની આપુ છુ.'' સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલ એ સીવાય બીજી કોઈ વીગત પુછેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વીશે હું કંઈ જાણતો નથી કે મે કંઈ લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે હથીયારના નામ જણાવેલ નથી.''

**28.** આમ, આ સાહેદ કે જેઓ ફરીયાદીના દિયર થાય છે તેમના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. આરોપી તરફેની ઉલટતપાસમા પોલીસે માત્ર સાહેદનુ નામઠામ પુછેલ એ સીવાય બીજી કોઈ વીગત પુછેલ નહી. બનાવ વીશે સાહેદ કંઈ જાણતા નથી કે સાહેદે કઈ લખાવેલ નથી. સાહેદે કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે હથીયારના નામ જણાવેલ નથી તેમ જણાય આવે છે. આમ આ સાહેદ કે જેઓ ફરીયાદીના દિયર થાય છે તેઓ બનાવ વિશે કાંઈ જાણતા ન હોવાનુ અને સાહેદે આરોપીઓના નામ કે હથીયારના નામ પોલીસને જણાવેલા નથી. આમ, આ સાહેદનો આવો પુરાવો આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી. બલ્કે આક્ષેપીત ગુનાની સત્યતતા બાબતે બચાવપક્ષ વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ છે.

**29.** સદર સાહેદ ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી એવી હકીકત જણાવે છે કે બનાવ બન્યો તે સમયે તેઓ જુનાગઢ હતા અને વાડીએ કોણ કોણ હતુ તેની તેમને ખબર

નથી. સાહેદના પુરાવા મુજબ તેમની રૂબરૂમા આરોપીઓએ પૈસાની ઉઘરાણી કરી, બોલાચાલી કરેલ હોય કે હથીયારથી હુમલો કરેલ હોય કે કિંમતી વસ્તુ ઝુંટવી લીધેલ હોય કે કોઈને ઈજા કરેલ હોય તેવુ બનેલ ન હોવાનો ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી એવો પુરાવો રજુ રાખે છે અને આરોપી તરફેની ઉલટતપાસમા પોલીસે માત્ર તેઓનુ નામઠામ પુછેલુ તે સિવાય પોલીસે બીજુ તેમને કાંઈ પુછેલ નથી અને તેઓ આ બનાવ બાબતે બીજુ કાંઈ જાણતા નથી તેવો પુરાવોકોર્ટ સમક્ષ રજુ રાખે છે. તે સંજોગોમા આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામા મદદરૂપ બનતો નથી.

**30.** ફરીયાદપક્ષના સાહેદ નં.૧૨ એવા ફરીયાદીના પુત્ર શબીર ભીખુશા રફાઈ આંક–૫૯ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''હું ઉપર જણાવેલ સરનામે મારા માતા પીતા તથા ભાઈ બહેન સાથે રહુ છુ. મારી માતાનુ નામ જાયદા છે. અમે ૩ ભાઈઓ અને એક બહેન છે. જેમા સૌથી મોટો મજીદશા, તેનાથી નાનો કમાલશા, તેનાથી નાનો હું અને તેનાથી નાની બહેન શબાના છે. અમો બધા રાજપરા ગામની સીમમા આવેલ અમારી વાડીએ મકાનમા સાથે રહીએ છીએ. બનાવ આજથી આશરે પાંચેક વર્ષ પહેલા સાંજના ૬–૭ વાગે બનેલ. બનાવ બનેલ તે વખતે મારા માતા પીતા બંને અમારી વાડીએ હતા અને તે સમયે હું સાસણ મારા ફઈના ઘરે ગયેલ હતો. બનાવ બાબતે આજદીન સુધી મને કોઈ માહીતી નથી. કોઈ લોકો અમારી વાડીએ આવેલ હોય, બોલાચાલી કરેલ હોય અને પૈસાની ઉઘરાણી કરી છરી કે બીજા હથીયારોથી મારા માતાપીતા પર હુમલો કરેલ હોય કે કોઈ વસ્તુ મારી માતા પાસેથી ઝુંટવી લીધેલ હોય તેવુ બનેલ હતુ. આ બનાવની જાણ હું પાછળથી ઘરે આવતા મને થયેલ હતી. બનાવના દીવસે મારા માતાપીતા વાડીએ હતા તે સમયે મારી ઘરે નાસીરભાઈ સાથે બીજા ૪૦–૫૦ જણાનુ ટોળુ અમારી ઘરે આવેલ હતા. તે લોકો શા માટે આવેલ હતા તે મને ખબર નથી. બનાવનુ કારણ પણ મને ખબર નથી. બનાવ બનેલ તે વખતે હું હાજર નહોતો

કે મે કઈ જોયેલ ન હોય મને બનાવ બાબતે કંઈ ખબર નથી. ફરીયાદ મારા માતા જાયદાબેને કરેલ. પોલીસે પુછપરછ કરી મારુ નીવેદન લીધેલ.'' સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે મે મારા તા. ૪/૧૧/૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નીવેદનમા એવુ લખાવેલ કે ''તા. ૩/૧૧/૧૮ ના સાંજના છએક વાગે હું તથા મારા માતા પીતા તથા ભાઈ બહેન એમ બધા અમો અમારા ઉપરોકત ઘરે હતા. દરમ્યાન વીસાવદરનો રહેવાસી નાસીર આવેલ અને તેની સાથે બીજા બે અજાણ્યા માણસો હતા અને તેની પાસે મો.સા. હતુ. અને તેની પાછળ બાલુભાઈ મેર તથા રવીભાઈ મેર આ બંને ફોર વ્હીલ લઈને આવેલ અને આ પાંચેય જણા મારા પીતાજી પાસે આવેલ અને કહેવા લાગેલ બે વર્ષ અગાઉ તે બાલુભાઈ મેરની વીધી કરી આપેલ ત્યારે બાલુભાઈએ તમને રૂપીયા વીસ લાખ આપેલ હતા તે પાછા આપી દો. તમારી વીધીથી કોઈ ફરક પડેલ નથી. જેથી મારા પીતાજીએ કહેલ કે, બાલુભાઈએ મને ૩ લાખ રૂપીયા આપેલ હતા. અને અત્યારે મારી પાસે આટલા બધા પૈસા નથી. આ વાતચીત ચાલતી હતી. દરમ્યાન દુધાળા ગામનો પીરુભાઈ તથા વીસાવદરનો રહેવાસી પોપટ બંને મો.સા. લઈને આવેલ ત્યારે મારા પીતાજીને તથા આ લોકોને અંદરોઅંદર બોલાચાલી થતા બાલુભાઈ મારા પીતાજીને ભુંડી ગાળો આપવા લાગેલ જેથી મારા પીતાજીએ આ લોકોને ગાળો આપવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલ અને તે બધા લોકો પાસે છરીઓ હોય જે છરીઓ કાઢી મારા પીતાજીને મારવા દોડેલ જેથી મારા મમ્મી જાયદાબેન દોડીને આડા પડવા જતા દુધાળા વાળા પીરૂભાઈએ છરીનો એક ઘા મારા મમ્મીના કપાળના ભાગે છરી મારી દીધેલ જેથી મારા મમ્મીના કપાળમા ચરકો પડી ગયેલ અને મારા મમ્મીને લોહી નીકળવા લાગેલ આ વખતે આ પીરુભાઈએ મારા મમ્મીએ ગળામા ૩ તોલાનો સોનાનો ચેન કીંમત રૂપીયા નેવુ હજારનો પહેરેલ હતો તે ખેંચીને ઝુંટવી લીધેલ અને આ બધા લોકો અમને આડા અવળા મારવા

દોડતા અમો બધા ભાગવા લાગેલ આ વખતે હો દેકારો થતા અમારી બાજુની વાડીમા મારા કાકા હાજીશા તથા કાકી રેશમાબેન આવી ગયેલ અને અમારા ભાગીયા વીનુભાઈ તથા તેમનો દીકરો વીજય પણ આવી ગયેલ અને અમને વધુ મારમાથી છોડાવેલ જેથી આ બધા લોકો ત્યાંથી જતા રહેલ અને જતા જતા નાસીર અમને ગાળો આપતો હતો. અને કહેતો હતો કે સાંજ સુધીમા તમે જોયલો તમને જીવતા નથી રહેવા દેવા તેમ કહી નાસીર અને બીજા લોકો ફોરવ્હીલમા જતા રહેલ અને તેમના બે મો.સા. તુટેલ હાલતમા ત્યાં મુકીને જતા રહેલ હતા અને મારા મમ્મીને કપાળમાથી લોહી નીકળતુ હોય જેથી મારા પીતાજીએ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવેલ અને તેમા મારા મમ્મીને મારા દાદી અમીનાબેન તથા મારા કાકી રેશમાબેન બેસાડી પ્રથમ વીસાવદર સરકારી દવાખાને સારવારમા લઈ ગયેલ અને ત્યાંથી ડો. સા. એ વધુ સારવાર માટે જુનાગઢ લઈ જવાનુ કહેતા મારા મમ્મીને મારા બા તથા રેશમાબેન જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ હતા. જયાં સારવાર આપી ડો.સા. એ મારા મમ્મીને રજા આપતા આ બધા લોકો આજરોજ સવારે અમારા ઘરે આવેલ છે. અને જુનાગઢ મારા મમ્મીએ ઉપરોકત તમામ વિરૂઘ્ધ ફરીયાદ કરેલ છે.'' વધુમા તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા તા. ૪/૧૧/૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નીવેદનમા બનાવનુ કારણ એવુ લખાવેલ કે ''આજથી બે વર્ષ પહેલા મારા પીતાજીએ બાલુભાઈ મેર રે. પોરબંદર વાળાની વીઘી કરી આપેલ હોય જેના બદલે તેમણે મારા પીતાજીને ૩ લાખ રૂપીયા આપેલ હોય જે રૂપીયા પાછા માંગવા આવેલ અને મારા પીતાજીએ રૂપીયા નથી તેમ જણાવતા આ બાલુભાઈ તથા તેની સાથે આવેલ માણસોએ એકસંપ કરી મારા પીતાજી ઉપર હુમલો કરતા મારા મમ્મી જાયદાબેન વચ્ચે પડતા તેને કપાળના ભાગે છરીનો ચરકો પાડી દીધેલ અને તેના ગળામા રહેલ સોનાનો ચેન ૩ તોલાનો કીંમત રૂપીયા નેવુ હજાર નો સાથેના પીરુભાઈએ ઝુંટવી લીધેલ અને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે.'' વધુમા તેઓએ જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે આરોપીઓ સાથે મારા માતાપીતાને સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી

નથી કે અમારે સમાધાન થઈ ગયેલ હોવાથી ખોટી જુબાની આપુ છુ.'' સદર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલ એ સીવાય બીજી કોઈ વીગત પુછેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વીશે હું કંઈ જાણતો નથી કે મે કઈ લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે હથીયારના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે હું સાસણથી ભણીને આવ્યા બાદ પણ મને બનાવ સંબંધેની કોઈ હકીકત મારા પરીવારના લોકોએ જણાવેલ નથી.''

**31.** આમ, આ સાહેદ કે જેઓ ફરીયાદીના પુત્ર થાય છે તેમના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસમા પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલાનુ સાહેદે સ્વીકારેલ છે. આરોપીઓ તરફેની ઉલટતપાસમા પોલીસે માત્ર સાહેદનુ નામઠામ પુછેલ એ સીવાય બીજી કોઈ વીગત પુછેલ નહી. બનાવ વીશે સાહેદ કંઈ જાણતા નથી કે સાહેદે કંઈ લખાવેલ નથી. સાહેદે કોઈ આરોપીઓના નામ આપેલ નથી કે હથીયારના નામ જણાવેલ નથી તેમ જણાય આવે છે. તેમજ આ સાહેદનો પુરાવો ઘ્યાને લેતા આ સાહેદ સાસણથી ભણીને આવ્યા બાદ પણ સાહેદને બનાવ સબંધી કોઈ હકીકત સાહેદના પરીવારના લોકોએ જણાવેલ નથી તેવુ પણ આ સાહેદનો પુરાવો ઘ્યાને લેતા સ્પષ્ટપણે જણાય આવે છે. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતા તેઓ બનાવ સબંધી કોઈ હકીકત જાણતા ન હોવાનુ જણાય આવે છે. આમ આ સાહેદ કે જેઓ ફરીયાદીના પુત્ર થાય છે તેઓ બનાવ વિશે કાંઈ જાણતા ન હોવાનુ અને સાહેદે આરોપીઓના નામ કે હથીયારના નામ પોલીસને જણાવેલા નથી તેમજ આ સાહેદને બનાવ સબંધેની કોઈ હકીકત તેમના પરીવારના લોકોએ જણાવેલ નથી તેવુ આ સાહેદના પુરાવા ઉપરથી સ્પષ્ટપણે જણાય આવે છે. આમ, આ સાહેદનો આવો પુરાવો આરોપીઓ વિરૂઘ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી. બલ્કે આક્ષેપીત ગુનાની સત્યતતા બાબતે બચાવપક્ષ વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ છે.

**32.** આમ, આ સાહેદ પણ ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી એવી હકીકત જણાવે છે કે બનાવ સમયે તેઓ સાસણ તેમના ફઈના ઘરે હતા અને તેમને બનાવ બાબતે કોઈ માહિતી નથી. આ સાહેદના પુરાવા મુજબ બનાવ સમયે તેમના ઘરે ૪૦ થી ૫૦ વ્યકિતઓનુ ટોળુ આવેલાની નવી જ હકીકત જણાવે છે. વળી, આ ૪૦ થી ૫૦ લોકોનુ ટોળુ શા માટે આવેલુ તેની પોતાને ખબર ન હોવાનો રજુ પુરાવો ધ્યાને લેતા પણ આ સાહેદનો પુરાવો વિશ્વાસજન્ય જણાતો નથી. આ સાહેદની ઉલટતપાસને ધ્યાને લેતા તેઓ બનાવ વિશે કાંઈ જાણતા અને તેઓએ પોલીસને કાંઈ લખાવેલ નથી તેવા રજુ પુરાવાથી બચાવપક્ષ બનાવ બાબતે વ્યાજબી શંકા ઉપસ્થિત કરી શકેલ નથી.

**33.** ફરીયાદપક્ષના સાહેદ નં.૧૩ એવા ફરીયાદીના દેરાણી રેશમાબેન હાજીશા રફાઈ આંક–૬૨ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''હુ ઉપર જણાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને ખેતીકામ કરુ છુ. બનાવને આશરે આજથી ચારેક વર્ષ જેટલો સમય થયેલ છે. બનાવ બનેલ તે વખતે હુ જુનાગઢ હતી અને મારા દિયર હુસેનશાનો ફોન આવેલ, જેથી અમે અમારી વાડીએ આવેલ અને આ હુસેનશાએ મને જણાવેલ કે તમારા જેઠ ભીખુશાની બુલેટ મોટરસાયકલ અને બગી કોઈએ બાળી નાખેલ છે અને કોઈએ કોઈને કોઈ બાબતે કોઈ વસ્તુથી માર મારેલ હોય કે કોઈ બાબતની ઉઘરાણી કરેલ હોય તો તે બાબતની મને ખબર નથી. પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નહી.''સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા તા.૪/૧૧ /૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ લખાવેલ કે '' તા.૩/૧૧/ ૧૮ ના રોજ સાંજેક છએક વાગ્યે હું તથા મારા પતિ અમો બન્ને અમારી વાડીએ કામ કરતા હતા દરમિયાન અમારી બાજુમાં મારા જેઠ ભીખુશાની વાડી આવેલ છે. અને તે તેમના પરીવાર સાથે ત્યાં જ રહે છે. તેમની વાડીએ હો દેકારાનો

અવાજ આવતા હું તથા મારા પતિ દોડીને ત્યા ગયેલ તો ત્યાં વિસાવદરનો રહેવાસી નાસીર તથા પોપટ અને દુધાળા વાળો પીરૂભાઈ અને બીજા ચાર માણસો હાથમા છરીઓ લઈને આડા અવળા દોડતા હતા અને ગાળો બોલતા હતા. અને ભીખુશાની પત્ની મારા જેઠાણી જાયદાબેનના કપાળમાંથી લોહી નીકળતુ હતુ. આ વખતે ભીખુશાના ભાગ્યા વિનુભાઈ અને તેનો દિકરો વિજયભાઈ પણ આવી ગયેલ જેથી અમો બધાએ મળીને આ ભીખુશા અને તેમના પરીવારને વચ્ચે પડી છોડાવેલ હતા. અને ત્યારબાદ જાયદાબેનને માથામાથી લોહી નીકળતુ હોય ભીખુશાએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ હતો આ વખતે અમને ભીખુશાએ વાત કરેલ હતી કે, અત્યારે હું તથા મારા પત્ની તથા મારા સંતાનો એમ બધા અમો અમારા ઉપરોકત ઘરે હતા. દરમ્યાન વિસાવદરનો રહેવાસી નાસીર આવેલ અને તેની સાથે બીજા બે અજાણ્યા માણસો હતા અને તેની પાસે મોટર સાયકલ હતુ. અને તેની પાછળ બાલુભાઈ મેર તથા રવિભાઈ મેર આ બન્ને ફોર વ્હીલ લઈને આવેલ અને આ પાંચેય જણા મારી પાસે આવેલ અને કહેવા લાગેલ બે વર્ષ અગાઉ તે બાલુભાઈ મેરની વિધિ કરી આપેલ ત્યારે બાલુભાઈએ તમને રૂપિયા વીસ લાખ આપેલ હતા તે પાછા આપી દો. તમારી વિધિથી કોઈ ફરક પડેલ નથી. જેથી મે કહેલ કે, બાલુભાઈએ મને ત્રણ લાખ રૂપિયા આપેલ હતા. અને અત્યારે મારી પાસે આટલા બધા પૈસા નથી. આ વાતચીત ચાલતી હતી. દરમ્યાન દુધાળા ગામનો પીરૂભાઈ તથા વિસાવદરનો રહેવાસી પોપટ બન્ને મોટર સાયકલ લઈને આવેલ ત્યારે મારે તથા આ લોકોને અંદરો અંદર બોલાચાલી થતા બાલુભાઈ મને ભુંડી ગાળો આપવા લાગેલ જેથી મે આ લોકોને ગાળો આપવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલ અને તે બધા લોકો પાસે છરીઓ હોય જે છરીઓ કાઢી મને મારવા દોડેલ જેથી મારી પત્ની જાયદા દોડીને આડી પડવા જતા દુધાળા વાળા પીરૂભાઈએ છરીનો એક ઘા જાયદાના કપાળના ભાગે છરી મારી દીધેલ જેથી જાયદાના કપાળમાં ચરકો પડી ગયેલ અને જાયદાને લોહી નીકળવા લાગેલ આ વખતે આ પીરૂભાઈએ મારી પત્ની જાયદાએ ગળામાં ત્રણ તોલાનો સોનાનો ચેન કિંમત રૂા. ૯૦,૦૦૦/–નો

પહેરેલ હતો તે ખેચીને ઝુટવી લીધેલ અને આ બધા લોકો અમને આડા અવળા મારવા દોડેલ તેમ વાત કરતા અમને બનાવની હકીકત જાણવા મળેલ હતી. આ વખતે ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા તેમા જાયદાબેનને બેસાડી હું તથા મારા સાસુ અમીનાબેન વિસાવદર સરકાર દવાખાને લઈ ગયેલ હતા. અને ત્યાથી ડોકટરસાહેબે વધુ સારવાર માટે જુનાગઢ લઈ જવાનુ કહેતા જાયદાબેનને હું તથા મારા સાસુ જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ હતા. જયા સારવાર આપી ડોકટર સાહેબે જાયદાબેનને રજા આપતા અમો બધા આજરોજ સવારે અમારા ઘરે આવેલ છે અને જુનાગઢ જાયદાબેને ઉપરોકત તમામ વિરુધ્ધ ફરીયાદ કરેલ છે.'' એ વાત ખરી નથી કે મે મારા તા.૪/૧૧ /૨૦૧૮ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં બનાવનુ કારણ એવુ લખાવેલ કે ''આજથી બે વર્ષ પહેલા મારા જેઠ ભીખુશાએ બાલુભાઈ મેર, રહે. પોરબંદર વાળાની વિધિ કરી આપેલ હોય જેના બદલે તેમણે મારા જેઠ ભીખુશાને ત્રણ લાખ રૂપિયા આપેલ હોય જે રૂપિયા પાછા માગવા આવેલ અને મારા જેઠ ભીખુશાએ રૂપિયા નથી તેમ જણાવતા આ બાલુભાઈ તથા તેની સાથે આવેલ માણસોએ એકસંપ કરી મારા જેઠ ભીખુશા ઉપર હુમલો કરતા મારા જેઠાણી જાયદાબેન વચ્ચે પડતા તેને કપાળના ભાગે છરીનો ચરકો પાડી દીધેલ અને તેના ગળામાં રહેલ સોનાનો ચેન ત્રણ તોલાનો કિંમત રૂા.૯૦,૦૦૦/–નો સાથેના પીરૂભાઈએ ઝુટવી લીધેલ અને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે.'' વધુમા તેઓએ જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં તમામ સત્ય હકીકત લખાવેલ હોવા છતા આજરોજ નામદાર અદાલતમાં એટલા માટે ખોટી જુબાની આપુ છુ કે જાયદાબેનને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે.'' સદર સાહેદની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરેલ નથી.''

**34.** આમ, આ સાહેદ કે જેઓ ફરીયાદીના દેરાણી થાય છે તેમના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. આ સાહેદની બચાવપક્ષે કોઈ

ઉલટતપાસ કરેલ નથી. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓ બનાવ બનેલ ત્યારે જુનાગઢ હતા અને હુશેનશા કે જેઓ સાહેદના દીયર થાય છે તેમને ફોન આવતા તેમને બનાવની જાણ થયેલાનુ જણાય આવે છે. આમ આ સાહેદ હીયર–સે વીટનેશ હોય તેવુ આ સાહેદનો પુરાવો ધ્યાને લેતા જણાય આવતુ હોય જેથી બનાવ બાબતેની તેમને ખબર નથી તેમ આ સાહેદના પુરાવાના આધારે સ્પષ્ટપણે જણાય આવતુ હોય આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી. આમ, આ સાહેદનો આવો પુરાવો આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી.

**35.** ઉપરોકત વિગતે સદર સાહેદ ફરીયાદપક્ષના કેસથી વિરોધાભાસી એવો પુરાવો રજુ રાખે છે કે બનાવ સમયે તેઓ જુનાગઢ હતા. તેઓ ફરીયાદપક્ષના કેસની તદ્દન નવી જ હકીકત જણાવે છે કે બનાવમા તેમના જેઠ ભીખુશાની બુલેટ મોટર સાયકલ અને બગી બાળી નાખવામા આવેલ હતી. આવી કોઈ હકીકત ફરીયાદમા ફરીયાદીએ જણાવેલ નથી કે પોલીસ તપાસમા પણ આવી કોઈ હકીકત ખુલેલ હોવાનો ત.ક.અમલદારનો પુરાવો નથી. સાહેદના પુરાવા મુજબ પોલીસે તેમની કોઈ પુછપરછ પણ કરેલ નથી. આ સંજોગોમાં આ સાહેદનો પુરાવો પણ વિશ્વસનીય જણાતો નથી.

**36.** ફરીયાદપક્ષના સાહેદ નં.૧૪ ઈમરાનશા બફાતીશા બ્લોચ આંક–૬૪ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

> ''હું ઉપર જણાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને મજુરીકામ કરુ છુ. મારી નાની બેનના લગ્ન રાજપરાના રહેવાસી ભીખુશાના મોટા દિકરા મજીદશા સાથે થયેલ છે. બનાવ આજથી આશરે પાંચેક વર્ષ પહેલા બનેલો તે વખતે હુ ત્યાં હતો તે મને હાલ યાદ નથી. બનાવ કેવી રીતે બનેલ તેની પણ મને ખબર નથી. બનાવ બાબતે હુ કાંઈ જાણતો નથી. કોઈ જગ્યાએ બનાવ બનેલ હોય અને હુ ત્યા હુ હાજર હોવ અને મે બનાવ બનતા જોયેલ હોય એવુ બનેલ નથી. પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલ.'' સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ

ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના તા. ૪/૧૧/૧૮ ના નિવેદનમાં એવુ લખાવેલ કે ''તા.૩/૧૧/૧૮ ના સાંજના છએક વાગ્યે હું તથા ભીખુશાના પરીવારના સભ્યો એમ અમો બધા અમો અમારા ઉપરોકત ઘરે હતા. દરમિયાન વિસાવદરનો રહેવાસી નાસીર આવેલ અને તેની સાથે બીજા બે અજાણ્યા માણસો હતા અને તેની પાસે મોટર સાયકલ હતુ અને તેની પાછળ એક ફોરવ્હીલ લઈને બે ઈસમો આવેલ અને આ પાંચેય જણા ભીખુશા પાસે આવેલ અને કહેવા લાગેલ બે વર્ષ અગાઉ તે બાલુભાઈ મેરની વિધિ કરી આપેલ ત્યારે બાલુભાઈએ તમને રૂપીયા વીસ લાખ આપેલ હતા તે પાછા આપી દો. તમારી વિધિથી કોઈ ફરક પડેલ નથી. જેથી ભીખુશાએ કહેલ કે, બાલુભાઈએ મને ત્રણ લાખ રૂપીયા આપેલ હતા. અને અત્યારે મારી પાસ ે આટલા બધા પૈસા નથી. આ વાતચીત ચાલતી હતી. દરમ્યાન બીજુ એક મો.સા. લઈને બે ઈસમો આવેલ ત્યારે ભીખુશાને તથા આ લોકોને અંદરો અંદર બોલાચાલી થતા એક વ્યકતી ભીખુશાને ભુંડી ગાળો આપવા લાગેલ જેથી ભીખુશાએ આ લોકોને ગાળો આપવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલ અને તે બધા લોકો પાસે છરીઓ હોય જે છરીઓ કાઢી ભીખુશાને મારવા દોડેલ જેથી ભીખુશાના પત્ની જાયદાબેન દોડીને આડા પડવા જતા એક વ્યકતીએ છરીનો એક ઘા જાયદાબેનના કપાળના ભાગે છરી મારી દીધેલ જેથી જાયદાબેનના કપાળમાં ચરકો પડી ગયેલ અને જાયદાબેનને લોહી નીકળવા લાગેલ આ વખતે આ એ વ્યકતી જાયદાબેને ગળામાં સોનાનો ચેન પહેરેલ હતો તે ખેચીને ઝુટવી લીધેલ અને આ બધા લોકો અમને આડા અવળા મારવા દોડતા અમો બધા ભાગવા લાગેલ આ વખતે હો દેકારો થતા બાજુની વાડીમાં રહેતા ભીખુશાના ભાઈ હાજીશા તથા તેમના પત્ની રેશમાબેન આવી ગયેલ અને ભીખુશાના ભાગીયા વિનુભાઈ તથા તેમનો દિકરો વિજય પણ આવી ગયેલ અને અમને વધુ મારમાંથી છોડાવેલ જેથી આ બધા લોકો ત્યાંથી જતા રહેલ અને જતા જતા એક વ્યકિત અમને ગાળો આપતો હતો અને કહેતો હતો કે સાંજ સુધીમાં તમે જોયલો તમને જીવતા નથી રહેવા દેવા તેમ કહી

તે બધા ફોરવ્હીલમાં જતા રહેલ અને તેમના બે મોટર સાયકલ તુટેલ હાલતમાં ત્યા મુકીને જતા રહેલ હતા અને જાયદાબેનને કપાળમાંથી લોહી નીકળતુ હોય જેથી ભીખુશાએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવેલ આ વખતે ભીખુશાએ મને કહેલ કે તુ જલદી ગામમા જા અને મારા બા અમીનાબેનને તેડી લાવ જેથી હું ગામમાંથી અમીનાબેનને લઈ આવેલ અને થોડીવાર ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા તેમા જાયદાબેનને અમીનાબેન તથા રેશમાબેન બેસાડી પ્રથમ વિસાવદર સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ અને ત્યાથી ડોકટર સાહેબે વધુ સારવાર માટે જુનાગઢ લઈ જવાનુ કહેતા મારા મમ્મીને મારા બા જાયદાબેનને જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ હતા. જયા સારવાર આપી ડોકટર સાહેબે રજા આપતા આ બધા લોકો આજરોજ સવારે અમારા ઘરે આવેલ છે.'' વધુમા તેઓએ જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે આ કામના ફરીયાદીને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય જેથી આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ.''

**37.** આમ, આ સાહેદ કે જેઓની નાની બેનના લગ્ન ફરીયાદીના મોટા દિકરા મજીદશા સાથે થયેલ છે તેમના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે. આ સાહેદની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરેલ નથી. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતા તેઓ બનાવ બાબતે કાંઈ જાણતા નથી. કોઈ જગ્યાએ બનાવ બનેલ હોય અને સાહેદ હાજર હોય અને બનાવ બનતા સાહેદે જોયેલ હોય એવુ બનેલ નથી તેમ આ સાહેદનો પુરાવો ઘ્યાને લેતા સ્પષ્ટપણે જણાય આવતુ હોય આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી. આમ, આ સાહેદનો આવો પુરાવો આરોપીઓ વિરૂઘ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી.

**38.** ફરીયાદપક્ષના સાહેદ નં.૧૫ વિનુભાઈ બઘાભાઈ વણજારા આંક–૬૮ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''હું ઉપર જણાવેલ સરનામે મારા પરીવાર સાથે રહુ છુ અને મજુરીકામ કરુ છુ. તા.૩/૧૧/૨૦૧૮ ના રોજ હું મારા ઘરે હતો પરંતુ કોઈ બનાવ બનેલ હોય તો તેની મને ખબર નથી કે મે કોઈ અવાજ સાંભળેલ નથી. હું કોઈ જગ્યાએ ગયેલ હોઉ અને ત્યાં કોઈ વ્યકતીને કોઈ વ્યકતીઓએ મારેલ હોય અને તે બાબતની મે તેઓને કાઈ પુછપરછ કરેલ હોય કે મે બનાવ નજરે જોયેલ હોય તેવુ બનેલ નથી. આરોપીઓને હું ઓળખતો નથી. પોલીસે મારી પુછપરછ કરી મારુ નિવેદન લીધેલુ.'' સદર સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના તા. ૪/૧૧/૧૮ ના નિવેદનમાં એવુ લખાવેલ કે ''ગઈ તા.૩/૧૧/૧૮ના રોજ હું તથા મારો દિકરો વિજય બન્ને અમારા ગામના ભીખુશા ફકીરની વાડીએ મજુરી કામે ગયેલ હતા. દરમિયાન સાંજના છએક વાગ્યે ભીખુશાની વાડીના મકાન તરફથી હો દેકારાનો અવાજ આવતા હું તથા મારો દિકરો દોડીને ત્યાં ગયેલ તો ત્યાં વિસાવદરનો રહેવાસી નાસીર તથા પોપટ અને દુધાળા વાળો પીરુભાઈ અને બીજા ચાર માણસો હાથમા છરીઓ લઈને આડા અવળા દોડતા હતા અને ગાળો બોલતા હતા અને ભીખુશાની પત્નિ જાયદાબેનના ગળામાંથી લોહી નીકળતુ હતુ. આ વખતે ભીખુશાના ભાઈ હાજીભાઈ અને તેમના પત્નિ પણ ત્યાં હાજર હતા. જેથી અમો બધાએ મળીને આ ભીખુશા અને તેમના પરીવારને વચ્ચે પડી છોડાવેલ હતા અને ત્યારબાદ જાયદાબેનને માથામાથી લોહી નીકળતુ હોય ભીખુશાએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ હતો આ વખતે અમને ભીખુશાએ વાત કરેલ હતી કે અત્યારે હું તથા મારા પત્નિ તથા મારા સંતાનો એમ બધા અમો અમારા ઉપરોકત ઘરે હતા. દરમિયાન વિસાવદરનો રહેવાસી નાસીર આવેલ અને તેની સાથે બીજા બે અજાણ્યા માણસો હતા અને તેની પાસે મોટર સાયકલ હતુ અને તેની પાછળ બાલુભાઈ મેર તથા રવિભાઈ મેર

આ બન્ને ફોરવ્હીલ લઈને આવેલ અને આ પાંચેય જણા મારી પાસે આવેલ અને કહેવા લાગેલ બે વર્ષ અગાઉ તે બાલુભાઈ મેરની વિધિ કરી આપેલ ત્યારે બાલુભાઈએ તમને રુપીયા વીસ લાખ આપેલ હતા તે પાછા આપી દો. તમારી વિધિથી કોઈ ફરક પડેલ નથી. જેથી મે કહેલ કે બાલુભાઈએ મને ત્રણ લાખ રુપીયા આપેલ હતા અને અત્યારે મારી પાસે આટલા બધા પૈસા નથી. આ વાતચીત ચાલતી હતી. દરમ્યાન દુધાળા ગામનો પીરુભાઈ તથા વિસાવદરનો રહેવાસી પોપટ બન્ને મોટર સાયકલ લઈને આવેલ ત્યારે મારે તથા આ લોકોને અંદરોઅંદર બોલાચાલી થતા બાલુભાઈ મને ભુંડી ગાળો આપવા લાગેલ જેથી મે આ લોકોને ગાળો આપવાની ના પાડતા આ લોકો ઉશ્કેરાઈ ગયેલ અને તે બધા લોકો પાસે છરીઓ હોય જે છરીઓ કાઢી મને મારવા દોડેલ જેથી મારી પત્નિ જાયદા દોડીને આડી પડવા જતા દુધાળા વાળા પીરુભાઈએ છરીનો એક ઘા જાયદાના કપાળના ભાગે છરી મારી દીધેલ જેથી જાયદાના કપાળમાં ચરકો પડી ગયેલ અને જાયદાને લોહી નીકળવા લાગેલ આ વખતે આ પીરુભાઈએ મારી પત્નિ જાયદાએ ગળામાં ત્રણ તોલાનો સોનાનો ચેન કિંમત રૂપીયા ૯૦,૦૦૦/– નો પહેરેલ હતો તે ખેચીને ઝુટવી લીધેલ અને આ બધા લોકો અમને આડા અવળા મારવા દોડેલ તેમ વાત કરતા અમને બનાવની હકીકત જાણવા મળેલ હતી. આ વખતે ૧૦૮ એમ્બ્યુલન્સ આવી જતા તેમા જાયદાબેનને બેસાડી હાજીશાના પત્નિ રેશમાબેન તથા ભીખુશાના બા અમીનાબેન વિસાવદર સરકારી દવાખાને લઈ ગયેલ હતા અને ત્યાથી ડોકટરસાહેબે વધુ સારવાર માટે જુનાગઢ લઈ જવાનુ કહેતા જાયદાબેનને જુનાગઢ સરકારી દવાખાને લઈ ગયેલ હતા. '' વધુમા તેઓએ જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે મે પોલીસ રુબરુ સત્ય હકીકત લખાવેલ હોવા છતા આજરોજ ખોટી જુબાની આપુ છુ.''

**39.** આમ, આ સાહેદના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ સરતપાસમા ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે.

આ સાહેદની બચાવપક્ષે કોઈ ઉલટતપાસ કરેલ નથી. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા તેઓ બનાવ બાબતે કાંઈ જાણતા નથી. આ સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેમજ સાહેદ આરોપીઓને ઓળખતા નથી તેવુ આ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા જણાય આવતુ હોય આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને મદદરૂપ થતો નથી. આમ, આ સાહેદનો આવો પુરાવો આરોપીઓ વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરતો નથી.

**40.** ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૪ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામું રજુ રાખેલ છે. જે મુજબ બનાવ સ્થળેથી તુટેલી અને નુકશાન થયેલી હાલતમા આરોપીઓના બે મોટર સાયકલ સ્થળ ઉપરથી મળી આવેલ છે. સદર બનાવવાળી જગ્યા ધ્યાને લેતા તે ફરીયાદીના ઘરની જગ્યા હોવાનુ સદર પંચનામામાં જણાવેલ છે.

**41.** પરંતુ આ પંચનામાંના પંચ સાહેદોનો રજુ પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદપક્ષના સાહેદ નં.૧ એવા પંચ સાહેદ કાનજીભાઈ નરશીભાઈ ગેડીયા આંક–૩૩ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

> ''તા.૪/૧૧/૨૦૧૮ ના રોજ કાલસારીના પાદર પરથી પોલીસની ગાડી નીકળતા પોલીસે અમોને ગાડી રોકી બોલાવતા હું ત્યા ગયેલ ત્યારે પોલીસે મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે પંચનામામા સહી કરી આપેલ. આજરોજ અમોને માર્ક ૨૪/૫ નુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે રજુ દા.આં. ૩૪. મે જ્યારે પંચનામા મા સહી કરેલ ત્યારે બીજા એક ભાઈએ પણ પંચનામામા સહી કરેલ જેનુ નામ કાળુભાઈ હતુ. એવુ બનેલ નહી કે હુ જ્યારે પોલીસ સમક્ષ હાજર થયેલ ત્યારે ત્યાં કોઈ જગ્યા બતાવતા હોય અને હુ તેની સાથે ગયેલ હોય અને મારી હાજરીમા કોઈ વસ્તુ કબજે કરવામા આવેલ હોય.'' સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ

ઉલટતપાસમા પંચ સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે પંચનામામા પોલીસે સહી લીધેલી. આજરોજ મને આખુ પંચનામુ કોર્ટમા વાંચી સંભળાવવામા આવે છે જે આખુ પંચનામુ વાંચી સાંભળ્યા બાદ તથા પંચનામાની તમામ હકીકતો તરફ મારુ ધ્યાન દોર્યા બાદ હુ જણાવુ છુ કે મારી હાજરીમા પંચનામાની કાર્યવાહી થયેલ નથી. પરંતુ મે માત્ર પંચનામામા સહી કરી આપેલ છે. એ વાત ખરી નથી કે મે પંચનામુ લખાવેલ હોવા છતા આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ. હુ આરોપીઓને ઓળખતો નથી.'' સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. કહેવાતા બનાવ વાળી જગ્યાએ હું ગયેલ નથી કે મારી રૂબરૂ કોઈ મુદામાલ કબજે કરવામા આવેલ નથી.''

**42.** આ પંચનામાંના બીજા પંચ એવા ફરીયાદપક્ષના સાહેદ નં.ર કાળુભાઈ હાસમભાઈ ચૌહાણ આંક–૩૫ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''તા. ૪/૧૧/૨૦૧૮ ના રોજ કાલસારીના પાદર પરથી પોલીસની ગાડી નીકળતા પોલીસે અમોને ગાડી રોકી બોલાવતા હું ત્યા ગયેલ ત્યારે પોલીસે મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે પંચનામામા સહી કરી આપેલ. આજરોજ અમોને આંક ૩૪ નુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. એવુ બનેલ નહી કે હું જયારે પોલીસ સમક્ષ હાજર થયેલ ત્યારે ત્યાં કોઈ જગ્યા બતાવતા હોય અને હું તેની સાથે ગયેલ હોય અને મારી હાજરીમા કોઈ વસ્તુ કબજે કરવામા આવેલ હોય.'' સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા પંચ સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે પંચનામામા પોલીસે સહી લીધેલી. આજરોજ મને આખુ પંચનામુ કોર્ટમા વાંચી

સંભળાવવામા આવે છે જે આખુ પંચનામુ વાંચી સાંભળ્યા બાદ તથા પંચનામાની તમામ હકીકતો તરફ મારુ ધ્યાન દોર્યા બાદ હુ જણાવુ છુ કે મારી હાજરીમા પંચનામાની કાર્યવાહી થયેલ નથી. પરંતુ મે માત્ર પંચનામામા સહી કરી આપેલ છે. એ વાત ખરી નથી કે મે પંચનામુ લખાવેલ હોવા છતા આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ. હું આરોપીઓને ઓળખતો નથી.'' સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. કહેવાતા બનાવવાળી જગ્યાએ હું ગયેલ નથી કે મારી રૂબરૂ કોઈ મુદામાલ કબજે કરવામા આવેલ નથી.''

**43.** આમ ઉપરોકત બન્ને પંચ સાહેદો કે જેઓ આંક–૩૪ ના સ્થાનિક જગ્યાના પંચ સાહેદો છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓને પોલીસે તેમને તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલાનુ અને તેઓને કોઈ જગ્યા બતાવતા હોય અને તેની સાથે ગયેલ હોય અને તેમની હાજરીમા કોઈ વસ્તુ કબજે કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી અને તેઓ કહેવાતી બનાવવાળી જગ્યાએ ગયેલ નથી તેવુ આ પંચ સાહેદોના પુરાવાના આધારે સ્પષ્ટપણે જણાય આવતુ હોય આ પંચ સાહેદોના પુરાવાના આધારે આંક–૩૪ નુ સ્થાનિક જગ્યાનુ પંચનામું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

**44.** કામે આંક–૩૯ થી આરોપી માસ્તર રહીમભાઈ મેતરનુ અટક પંચનામું રજુ છે. પંચનામાંની વિગતે આરોપીના કબજામાથી કોઈ મુદામાલ મળી આવેલ નથી.

**45.** આ સંદર્ભમાં રજુ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદપક્ષના સાહેદ નં.૩ એવા પંચ સાહેદ દીલમુરાદભાઈ હુસેનભાઈ આલાજય આંક–૩૮ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''તા. ૨/૧/૧૯ ના રોજ મને વીસાવદર પોલીસે બોલાવતા હું હાજર થયેલ. મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે પંચનામામા સહી કરી આપેલ.

આજરોજ અમોને માર્ક ૨૪/૬ નુ અટક પંચનામુ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ **દા.આં. ૩૯**. એવુ બનેલ નહી કે હું પોલીસના બોલાવવાથી કોઈ વ્યકિતના મકાને ગયેલ હોય અને ત્યાં વ્યકિતઓ હાજર હોય અને મારી હાજરીમા અટક કરવામા આવેલ હોય.'' સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા પંચ સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે પંચનામામા પોલીસે સહી લીધેલી. આજરોજ મને આખુ પંચનામુ કોર્ટમા વાંચી સંભળાવવામા આવે છે જે આખુ પંચનામુ વાંચી સાંભળ્યા બાદ તથા પંચનામાની તમામ હકીકતો તરફ મારુ ધ્યાન દોર્યા બાદ હું જણાવુ છુ કે મારી હાજરીમા પંચનામાની કાર્યવાહી થયેલ નથી. પરંતુ મે માત્ર પંચનામામા સહી કરી આપેલ છે. એ વાત ખરી નથી કે મે પંચનામુ લખાવેલ હોવા છતા આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ. હું આરોપીઓને ઓળખતો નથી.'' સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. મારી રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામા આવેલ હોય એવુ બનેલ નથી.''

**46.** આજ પંચનામાંના બીજા પંચનો પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ છે. જે ધ્યાને લેવામા આવે તો ફરીયાદપક્ષના સાહેદ નં.૪ એવા પંચ સાહેદ હબીબખા ગુલાબખા પઠાણ આંક–૪૦ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''તા. ૨/૧/૧૯ ના રોજ મને વીસાવદર પોલીસે રોડ પર બોલાવતા હું હાજર થયેલ. મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે પંચનામામા સહી કરી આપેલ. આજરોજ અમોને આંક ૩૯ નુ અટક પંચનામુ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. એવુ બનેલ નહી કે હું

પોલીસના બોલાવવાથી કોઈ વ્યકિતના મકાને ગયેલ હોય અને ત્યાં વ્યકિતઓ હાજર હોય અને મારી હાજરીમા અટક કરવામા આવેલ હોય.'' સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા પંચ સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે પંચનામામા પોલીસે સહી લીધેલી. આજરોજ મને આખુ પંચનામુ કોર્ટમા વાંચી સંભળાવવામા આવે છે જે આખુ પંચનામુ વાંચી સાંભળ્યા બાદ તથા પંચનામાની તમામ હકીકતો તરફ મારુ ધ્યાન દોર્યા બાદ હું જણાવુ છુ કે મારી હાજરીમા પંચનામાની કાર્યવાહી થયેલ નથી. પરંતુ મે માત્ર પંચનામામા સહી કરી આપેલ છે. એ વાત ખરી નથી કે મે પંચનામુ લખાવેલ હોવા છતા આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ. હું આરોપીઓને ઓળખતો નથી.'' સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. મારી રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામા આવેલ હોય એવુ બનેલ નથી.''

**47.** આમ ઉપરોકત બન્ને પંચ સાહેદો કે જેઓ આંક-૩૯ ના આરોપી નં.૧-૨ ના અટક પંચનામાંના પંચ સાહેદો છે તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓને પોલીસે તેમને તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલાનુ અને તેઓ પોલીસના બોલાવવાથી કોઈ વ્યકિતના મકાને ગયેલ હોય અને ત્યાં વ્યકિતઓ હાજર હોય અને તેમની હાજરીમા અટક કરવામા આવેલ હોય તેવુ બનેલ નથી. અને તેઓની રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામા આવેલ હોય એવુ બનેલ નથી તેવુ આ પંચ સાહેદોના પુરાવાના આધારે સ્પષ્ટપણે જણાય આવતુ હોય આ પંચ સાહેદોના પુરાવાના આધારે આંક-૩૯ નુ આરોપી નં.૧-૨ નાઓને અટક કર્યા અંગેનુ પંચનામું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

**48.** કામે આંક–૪૪ થી આરોપી પીરમહમંદ ઉર્ફે પીરૂ વલીમહંમદ બ્લોચ તથા ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવીદભાઈ બ્લોચનાઓનુ અટક પંચનામું રજુ છે. જેમા આરોપીના કબજામાથી ગુનામા વપરાયેલ મોટર સાયકલ તથા લોખંડનો પાઈપ તેમજ કુહાડી કબજે લીધેલ છે.

**49.** જે પંચનામાંના પંચ સાહેદોનો રેકર્ડ ઉપરનો રજુ પુરાવો ઘ્યાને લેવામા આવે તો ફરીયાદપક્ષના સાહેદ નં.૫ એવા પંચ સાહેદ જાવેદભાઈ આમદભાઈ વીસાઈ આંક–૪૩ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''મને પોલીસે તા. ૨૮/૧/૨૦૧૯ ના રોજ વીસાવદર પો.સ્ટે. મા બોલાવેલ અને મને તૈયાર કાગળમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. મે સહી કરેલ તે વખતે કેટલી સહીઓ કરેલ તે મને હાલ યાદ નથી. આજરોજ અમોને માર્ક ૨૪/૭ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે રજુ દા.આં. ૪૪. મે સહી કરેલ તે વખતે પોલીસ સીવાય બીજુ કોઈ ત્યાં હાજર નહોતુ. મારી હાજરીમા કોઈ વ્યકિતઓ ત્યાં હાજર થયેલ હોય અને કંઈ રજુ કરતા હોય અને મારી હાજરીમા કબજે કરવામા આવેલ હોય કે બીજી કોઈ કાર્યવાહી કરવામા આવેલ હોય એવુ બનેલ નથી. મે માત્ર સહીઓ કરેલ છે. મને મુદામાલ બતાવવામા આવે તો ઓળખી શકુ નહી. મને મુદામાલ પાવતી નં. ૧૨/૧૯ ના આર્ટીકલ નં. ૧ બતાવવામા આવે છે જે છરી જોઈને જણાવુ છુ કે તે મારી હાજરીમા કબજે કરવામા આવેલ નથી પરંતુ તેની સાથે નીકળેલ કાપલીમા મારી પંચ તરીકે સહી છે જે ઓળખી બતાવુ છુ.'' સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ઘ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા પંચ સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે પંચનામામા તથા કાપલીમા પોલીસે સહી લીધેલી. આજરોજ મને આખુ પંચનામુ કોર્ટમા વાંચી સંભળાવવામા આવે છે જે આખુ પંચનામુ વાંચી સાંભળ્યા બાદ તથા

પંચનામાની તમામ હકીકતો તરફ મારુ ધ્યાન દોર્યા બાદ હું જણાવુ છુ કે મારી હાજરીમા પંચનામાની કાર્યવાહી થયેલ નથી. પરંતુ મે માત્ર પંચનામામા તથા કાપલીમા સહી કરી આપેલ છે. એ વાત ખરી નથી કે મે પંચનામુ લખાવેલ હોવા છતા આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ. હુ આરોપીઓને ઓળખતો નથી.'' સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર પંચનામામા તથા કાપલીમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. મારી રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામા આવેલ હોય કે કોઈ મુદામાલ કબજે કરેલ હોય એવુ બનેલ નથી.''

**50.** આજ પંચનામાંના બીજા પંચનો પુરાવો રેકર્ડ ઉપર રજુ છે. ફરીયાદપક્ષના સાહેદ નં.૬ એવા પંચ સાહેદ બાબુભાઈ જગુભાઈ બોરીચા આંક–૪૫ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''હું વીસાવદર ખાતે હીરા ઘસવાનુ કામ કરુ છુ અને પો.સ્ટે. પાસેથી નીકળેલ ત્યારે પોલીસે તા. ૨૮/૧/૨૦૧૯ ના રોજ મને બોલાવેલ અને મને તૈયાર કાગળમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. મે સહી કરેલ તે વખતે કેટલી સહીઓ કરેલ તે મને હાલ યાદ નથી. આજરોજ અમોને આંક ૪૪ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ. મે સહી કરેલ તે વખતે પોલીસ સીવાય બીજુ કોઈ ત્યાં હાજર નહોતુ. મારી હાજરીમા કોઈ વ્યકિતઓ ત્યાં હાજર થયેલ હોય અને કંઈ રજુ કરતા હોય અને મારી હાજરીમા કબજે કરવામા આવેલ હોય કે બીજી કોઈ કાર્યવાહી કરવામા આવેલ હોય એવુ બનેલ નથી. મે માત્ર સહીઓ કરેલ છે. મને મુદામાલ બતાવવામા આવે તો ઓળખી શકુ નહી. મને મુદામાલ પાવતી નં. ૧૨/૧૯ ના આર્ટીકલ નં. ૧ બતાવવામા આવે છે જે છરી જોઈને જણાવુ છુ કે તે મારી હાજરીમા કબજે કરવામા આવેલ નથી પરંતુ તેની સાથે નીકળેલ કાપલીમા મારી પંચ તરીકે સહી છે જે ઓળખી બતાવુ છુ.'' સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના

કેસને સમર્થન કરતા ના હોય સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા પંચ સાહેદે જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે પંચનામામા તથા કાપલીમા પોલીસે સહી લીધેલી. આજરોજ મને આખુ પંચનામુ કોર્ટમા વાંચી સંભળાવવામા આવે છે જે આખુ પંચનામુ વાંચી સાંભળ્યા બાદ તથા પંચનામાની તમામ હકીકતો તરફ મારુ ધ્યાન દોર્યા બાદ હું જણાવુ છુ કે મારી હાજરીમા પંચનામાની કાર્યવાહી થયેલ નથી. પરંતુ મે માત્ર પંચનામામા તથા કાપલીમા સહી કરી આપેલ છે. એ વાત ખરી નથી કે મે પંચનામુ લખાવેલ હોવા છતા આરોપીઓને બચાવવા ખોટી જુબાની આપુ છુ. હુ આરોપીઓને ઓળખતો નથી.'' સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે મને તૈયાર પંચનામામા તથા કાપલીમા સહી કરવાનુ કહેતા મે સહી કરી આપેલ. મારી રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામા આવેલ હોય કે કોઈ મુદામાલ કબજે કરેલ હોય એવુ બનેલ નથી.''

**51.** ઉપરોકત બન્ને પંચ સાહેદો કે જેઓ આંક–૪૪ ના આરોપી નં.૩ નાઓને અટક કર્યા અંગેના અને મુદામાલ કબજે કર્યા અંગેના પંચ સાહેદો છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓને પોલીસે તેમને તૈયાર પંચનામામાં તથા કાપલીમા સહી કરવાનુ કહેતા સહી કરી આપેલાનુ અને તેઓની રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામા આવેલ હોય કે કોઈ મુદામાલ કબજે કરેલ હોય એવુ બનેલ નથી તેવુ આ પંચ સાહેદોના પુરાવાના આધારે સ્પષ્ટપણે જણાય આવતુ હોય આ પંચ સાહેદોના પુરાવાના આધારે આંક–૪૪ નુ આરોપી નં.૩ નાઓને અટક કર્યા અંગેનુ તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

**52.** કામે આંક–૭૦ થી આરોપી રવિરાજસિંહ ગુલાબસિંહ જાડેજા તથા આરોપી બાબુભાઈ રણમલભાઈ ઓડેદરાઓનુ અટક પંચનામું તથા મુદામાલ કબજે કર્યાનુ પંચનામું રજુ છે.

જેમા મુદામાલ પંચનામાંની વિગતે ગુનામા વપરાયેલ ફોરવ્હીલર તથા બે લોખંડના પાઈપ કબજે કરેલાનુ પંચનામું છે.

**53.** જે સંદર્ભમાં રજુ પંચ સાહેદનો પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદપક્ષના સાહેદ નં.૧૬ એવા પંચ સાહેદ રહીમદાદભાઈ વલીમહમદ બ્લોચ આંક–૬૯ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''તા.૧૬/૫/૧૯ ના રોજ હું વિસાવદર પો.સ્ટે. અમારા સગાના સમાધાન સબબ ગયેલ હતો તે વખતે પોલીસે એક તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા મે પંચનામામા સહી કરી આપેલ હતી. મને માર્ક–૧૦/૧વાળુ આરોપીનુ અટક પંચનામુ બતાવવામાં આવે છે જેમાં મારી બે જગ્યાએ સહી છે જે ઓળખી બતાવુ છુ. જે રજુ દા.આંક–૭૦(p-1/pw-16). મારી હાજરીમાં પો.સ્ટે.કોઈ વ્યકતી હાજર થતો હોય અને કોઈ વસ્તુ રજુ કરેલ હોય અને તે વસ્તુઓ મારી હાજરીમાં કબજે લઈ કોઈને અટક કરવા અંગેની કોઈ કાર્યવાહી મારી હાજરીમાં થયેલ હોય તેવુ બનેલ નથી. મે માત્ર પંચનામામા તથા કાપલીઓમાં સહી કરી આપેલ છે. મને મુદામાલ હથીયાર બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહી. આરોપીઓને હુ ઓળખતો નથી. સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા ના હોય પંચ સાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા કોર્ટની પરવાનગીથી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા પંચ સાહેદે જણાવેલ છે કે '' મને આજરોજ આંક–૭૦ વાળુ આખુ પંચનામુ વાંચી સંભળાવવામાં આવે છે તેમજ પંચનામાની દરેક હકીકતો તરફ મારુ ધ્યાન દોરવામાં આવે છે. આખુ પંચનામુ વાંચી સાંભળ્યા બાદ જણાવુ છુ કે મારી હાજરીમાં કોઈ વ્યકતીને અટક કરવામાં આવેલ નથી કે મારી હાજરીમાં કોઈ વસ્તુઓ કબજે કરવામાં આવેલ હોય એવુ પણ બનેલ નથી. મે માત્ર પંચનામામા તથા કાપલીઓમાં સહી કરી આપેલ છે. એ વાત ખરી નથી કે હું આરોપીઓને ઓળખતો હોઉ જેથી તેઓને બચાવવા ખોટી જુબાની

આપુ છુ.'' સદર પંચ સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે પોલીસે મને કોરા કાગળ તથા કાપલીઓમાં સહી કરવાનુ કહેતા મે સહીઓ કરી આપેલી. મારી હાજરીમાં પોલીસે કોઈ તહોમતદાર પાસેથી મુદામાલ કબજે કરેલ નથી કે અટક કરેલ નથી.''

**54.** આ પંચનામાંના બીજા પંચને ફરીયાદપક્ષે તપાસેલા નથી. તે સંજોગોમાં ઉપરોકત પંચ સાહેદ કે જેઓ આંક–૭૦ વાળા આરોપી નં.૪–૫ નાઓને અટક કર્યા અંગેના તથા મુદામાલ કબજે કર્યા અંગેના પંચનામાંના પંચ સાહેદ છે. તેઓનો પુરાવો ધ્યાને લેતા તેઓને પોલીસે તેમને તૈયાર પંચનામામાં તથા કાપલીમા સહી કરવાનુ કહેતા સહી કરી આપેલાનુ અને તેઓની રૂબરૂ કોઈ આરોપીને અટક કરવામા આવેલ હોય કે કોઈ મુદામાલ કબજે કરેલ હોય એવુ બનેલ નથી તેવુ આ પંચ સાહેદના પુરાવાના આધારે સ્પષ્ટપણે જણાય આવતુ હોય આ પંચ સાહેદના પુરાવાના આધારે આંક–૭૦ નુ આરોપી નં.૪–૫ નાઓને અટક કર્યા અંગેનુ તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

**55.** આમ, ઉપરોકત વિગતે કોઈપણ આરોપીના કબજામાથી ગુનામા વપરાયેલ છરી તપાસના કામે કબજે કરેલ હોવાનુ રેકર્ડ ઉપરથી જણાય આવતુ નથી. આ સંજોગોમાં પણ ફરીયાદીની એ હકીકત કે આરોપીએ તેણીને કપાળમા છરીનો ચરકો મારી દીધેલ તો તે હકીકત પણ નિ.શંકપણે પુરવાર કરવામા ફરીયાદપક્ષ નીષ્ફળ ગયેલ છે.

**56.** ફરીયાદપક્ષના સાહેદ નં.૧૭ એવા તપાસ કરનાર અમલદાર સાહેદ હરેશભાઈ વાઘાભાઈ રાઠોડ આંક–૯૭ ની તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,

''સને–૨૦૧૮ અને ૨૦૧૯ ના અરસામાં વિસાવદર ખાતે ઈ.ચા. પી.આઈ. તરીકે ફરજ બજાવતો હતો ત્યારે પી.એસ.આઈ. શ્રી એ.કે.પરમાર વિસાવદર નાઓએ આ કામની તપાસ કેસ કાગળો સાથે અમોને સોપતા અમોએ તપાસ સંભાળેલી. ત્યારબાદ અમોને મળેલ કેસ કાગળોનો અભ્યાસ

કરેલો. તા.૨/૧/૧૯ ના રોજ આ કામના આરોપી નાશીર રહીમભાઈ મૈતર તેઓના રહેણાક મકાને હાજર હોય તે અંગે પંચનામુ કરી તેઓને તથા ઇમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવીદ બ્લોચને અટક કરવાના હોય જેથી બે પંચો સાથે રાખી પંચનામુ કરી તેઓને પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ. પંચનામુ પુરૂ થયા બાદ પંચોની તથા રૂબરૂ તરીકે અમોએ સહી કરેલ જે આંક–૩૯ વાળુ પંચનામુ મને બતાવવામાં આવે છે જે તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ. તા.૨૮/૧/૧૯ ના રોજ આ કામના આરોપી સ્વખુશીએ પોલીસ સ્ટેશને રજુ થતો હોય જે અંગેનુ પંચનામુ કરવાનુ હોય જેથી બે પંચો સાથે રાખી આરોપી પીરમહમદ ઉર્ફે પીરુ વલીમહમદ બ્લોચને મુદામાલ મોટર સાયકલ, છરી, લોખંડના પાઈપો અને કુહાડી સાથે પંચનામાની વિગતે અટક કરવામાં આવેલ. પંચનામુ પુરૂ થયા બાદ પંચોની તથા રૂબરૂ તરીકે અમોએ સહી કરેલ જે આંક–૪૪ વાળુ પંચનામુ મને બતાવવામાં આવે છે જે તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ. મને માર્ક–૨૪/૧૦ બતાવામાં આવે છે જે જીલ્લા મેજી.શ્રી જુનાગઢ નાઓનુ જાહેરનામાની નકલ છે જે અમોએ ગુનાના કામે મેળવી આ કામમાં સામેલ રાખેલ તે જ છે જે નકલને આંક આપવા સામે બચાવપક્ષને વાંધો ન હોય જેથી રજુ જે રજુ દા.આંક–૯૮(p-1/pw-17). મને અનુક્રમે માર્ક–૨૪/૧૧ થી માર્ક–૨૪/૧૬ સુધી બતાવામાં આવે છે જે આરોપીઓ વિરૂધ્ધ ગુનાઓની એફઆઈઆરની નકલો મેળવી આ કામમાં સામેલ રાખેલ તે છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને આંક આપવા સામે બચાવપક્ષને વાંધો ન હોય જેથી રજુ જે અનુક્રમે રજુ દા.આંક–૯૯(p-2/pw-17) થી દા.આંક–૧૦૪(p-7/pw-17) મને અનુક્રમે માર્ક–૨૪/૧૭ અને માર્ક–૨૪/૧૮ બતાવામાં આવે છે જે હાલના ગુનાની એફઆઈઆરની ખરી નકલ તથા સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ છે જે હુ ઓળખી બતાવુ છુ જે અનુક્રમે રજુ દા.આંક–૧૦૫(p-8/pw-17) અને દા.આંક–૧૦૬(p-9/pw-17) મને આંક–૭૮ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જે અમોએ આરોપી ઓને મુદામાલ હથીયાર સાથે પંચનામાની વિગતે આરોપીઓને અટક કરેલ તે પંચનામુ છે જે પંચનામુ

પુરૂ થયા બાદ પંચોની હાજરીમાં થયેલ હોય જેથી બન્ને પંચોની સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે અમોએ સહી કરેલ તે જ પંચનામુ છે જે હુ ઓળખી બતાવુ છુ. મને માર્ક–૨૪/૧ બતાવામાં આવે છે જે દવાખાના પોલીસ ચોકી જુનાગઢનાઓ એ વિસાવદર પો.સ્ટે.ને ફરીયાદી જાયદાબેન ભીખુશા સારવારમાં આવેલ હોય અને ટ્રોમાં વોર્ડમાં દાખલ કરેલ હોય જે અંગેની એમ.એલ.સી. યાદી અમોને તપાસના કાગળો સાથે મળેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક–૧૦૭(p-10/pw-17) મને માર્ક–૨૪/૨ બતાવામાં આવે છે જે દવાખાના પોલીસ ચોકી જુનાગઢનાઓએ મેડીકલ ઓફીસરશ્રી સીવીલ હોસ્પી. જુનાગઢનાઓને દર્દી ભાનમાં આવ્યે દવાખાના પો.ચોકીને જાણ કરવા યાદી કરેલ તે છે તે અમોને તપાસના કાગળો સાથે મળેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક–૧૦૮(p-11/pw-17) મને અનુક્રમે માર્ક–૨૪/૩ તથા માર્ક–૨૪/૪ બતાવામાં આવે છે જે મેડીકલ ઓફીસરશ્રી સીવીલ હોસ્પી. જુનાગઢનાઓએ દવાખાના પોલીસ ચોકીને દર્દી ભાનમાં આવ્યા અંગેની જાણ કરેલ તે યાદી તથા દર્દી નાશી ગયેલ છે તે અંગેની યાદી કરેલ તે છે જે અમોને તપાસના કાગળો સાથે મળેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જે અનુક્રમે રજુ દા.આંક–૧૦૯(p-12/pw-17) અને દા.આંક–૧૧૦(p-13/pw-17) મને આંક–૩૪ બતાવવામાં આવે છે જે બનાવવાળી જગ્યાનુ પંચનામુ છે જે બે પંચો સાથે રાખી પીએસઆઈશ્રી એ.કે.પરમાર નાઓએ પંચોની હાજરીમાં કરેલ તે પંચનામુ છે તેમાં શ્રી પરમારની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જે અમોને તપાસના કાગળો સાથે મળેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ. મને માર્ક–૨૪/૮ બતાવામાં આવે છે જે ફરીયાદીએ ખરીદ કરેલ હેમના ચેનનો માધવ જવેલર્સનો કેશ મેમોની નકલ છે જે અમોને તપાસના કામે મળેલ છે તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ જેને બચાવપક્ષને આંક આપવા સામે વાંધો ન હોય જે રજુ દા.આંક–૧૧૧(p-14/pw-17) મને આંક–૪૮ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે પીએસઆઈ. શ્રી એ. કે. પરમાર નાઓએ ફરીયાદી જાયદાબેન ભીખુશા રફાઈ નાઓની ફરીયાદ લીધેલ

તે છે જેમાં શ્રી પરમારની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે ફરીયાદ તપાસના કામે મળેલ છે તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ. મને માર્ક –૨૪/૯ બતાવામાં આવે છે જે અમોએ નોડલ ઓફીસરશ્રીને કોલ ડીટેઈલ મળવા અંગે યાદી કરેલ તે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક–૧૧૨(p-15/pw-17). આ કામના લાગતા વળગતા સાહેદોના નિવેદનો પી.એસ.આઈ.શ્રી એ.કે. પરમાર નાઓએ લીધેલા જે અમોને તપાસના કામે મળેલા. મને કોર્ટમાં રાખેલ મુદામાલ બતાવવામાં આવે છે જે પંચનામાઓની વિગતે કબજે લેવામાં આવેલ તે જ છે જે હુ ઓળખી બતાવુ છુ. જો આરોપી હાજર હોય તો ઓળખી શકુ.'' સદર ત.ક.અમલદાર સાહેદ આરોપી તરફેની ઉલટતપાસમા જણાવે છે કે ''એ વાત ખરી છે કે હાલની ફરીયાદ પી.એસ.આઈ.શ્રી એ.કે.પરમાર સમક્ષ લેવામાં આવેલી અને આગળની મહત્વની તપાસ પણ તેઓએ કરેલી છે. એ વાત મને ખ્યાલ નથી કે ફરીયાદી જાયદાબેનને વાંચતા લખતા આવડતુ હતુ કે કેમ. એ વાત ખરી નથી કે ફરીયાદી જાયદાબેને તેઓની સાથે માત્ર ને માત્ર બોલાચાલી થયેલી છે તેવી હકીકત જણાવેલી. એ વાત ખરી નથી કે ફરીયાદીને ફરીયાદ લખીને માત્ર ને માત્ર તેની સહી કરાવેલી છે. એ વાત ખરી નથી કે ફરીયાદીએ કયા ત્હોમતદાર પાસે કયુ હથીયાર હતુ તે જણાવેલુ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈ મહીલા પોતાની ફરીયાદ કરવા આવે કે નિવેદન નોંધાવા આવે ત્યારે મહીલા પોલીસ કર્મચારી હાજર હોવા જરૂરી છે. એ વાત ખરી છેકે આ કામે કોઈ મહીલા પોલીસ કર્મચારીનુ નિવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે ફરીયાદીના સગા સંબંધીના નિવેદન લેવામા આવેલ છે પરંતુ તટસ્થ કોઈ સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે અમોએ તૈયાર કરેલા પંચનામામા પાછળથી પંચોની સહીઓ મેળવેલી છે. એ વાત ખરી છે કે આ કામે મે કોઈ મહત્વના અને સ્વંતત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે ઉપરોકત આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જસીટ કરેલ છે અને ખોટી રીતે અટક કરેલ છે અને સોગદ ઉપર ખોટી જુબાની આપુ

છુ. એ વાત ખરી નથી કે હાલની ઈજાઓ ફરીયાદીને પડી જવાથી થયેલી છે. એ વાત ખરી નથી કે ફરીયાદીના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ.''

**57.** આમ, તપાસ કરનાર અમલદારના સમગ્ર પુરાવાનુ મુંલ્યાકન કરવામા આવે તો તેઓએ તેમના પુરાવામા મુખ્યત્વે તેઓએ તપાસ દરમ્યાન તેઓએ મેળવેલ દસ્તાવેજી પુરાવા બાબતે તેમજ તપાસ દરમ્યાન કરેલ કામગીરી અંગેનો પુરાવો રજુ રાખેલ છે. તપાસ કરનાર અમદારનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદીની ફરીયાદ પી.એસ.આઈ. શ્રી એ.કે.પરમાર સમક્ષ લેવામા આવેલી હોવાનુ અને મહત્વની તપાસ પણ તેઓએ કરેલી હોવાનુ જણાય આવે છે. તેમજ ત.ક.અ.નો પુરાવો ધ્યાને લેતા આ કામે ફરીયાદીના સગા સબંધીના નિવેદન લેવામા આવેલ છે પરંતુ તટસ્થ કોઈ સાહેદોના નિવેદનો લીધેલા નથી. તેમજ ત.ક.અ.નો પુરાવો ધ્યાને લેતા આ કામે તેઓએ કોઈ મહત્વના અને સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તેવુ ત.ક.અ.ના પુરાવા ઉપરથી જણાય આવે છે. આમ, ત.ક.અમલદાર ધ્વારા તેમની તપાસને સમર્થન કરતો પુરાવો રજુ રાખેલ છે.

**58.** કામે આંક–૭૧ અને ૯૮ થી હથીયારબંધીનુ જાહેરનામું રજુ છે. પરંતુ આ કામના આરોપીઓ ધ્વારા જાહેરનામાંનો ભંગ કરીને, જાહેરમા ઘાતક હથીયારો ધારણ કરેલ હોવાની હકીકતને ફરીયાદી સહીતના ફરીયાદપક્ષના કોઈપણ સાહેદના। પુરાવાથી લેશમાત્ર સમર્થન મળતુ નથી. બલ્કે ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદમા નથી તેવા લોખંડના પાઈપ અને કુહાડી તપાસ એજન્સી ધ્વારા આરોપીઓના કબજામાથી પંચનામાંની વિગતે કબજે મેળવેલ છે. પરંતુ ફરીયાદમા જેનો ઉલ્લેખ છે તે છરી કોઈપણ આરોપીના કબજામાથી મેળવેલ હોવાનો કે કબજે કરેલ હોવાનો પુરાવો રેકર્ડ ઉપર રજુ નથી. આ સંજોગોમાં આ કામના આરોપીઓ ધ્વારા જે તે સમયે અમલમા હતુ તે આંક–૭૧ અને ૯૮ નુ હથીયારબંધીના જાહેરનામાંનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ નો ભંગ કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.

**59.** આંક–૯૯ થી આંક–૧૦૫ એ આરોપીઓ ગુનાહીત ઈતિહાસ ધરાવતા હોવાના પુરાવા રજુ છે. જે તમામ એફ.આઈ.આર. ની નકલો છે. જે મુજબ આરોપીઓ ગુનાહીત

ઈતિહાસ ધરાવે છે. પરંતુ તેટલા માત્ર કારણસર હાલનો ગુનો આ આરોપીઓએ જ કરેલ છે તેવુ કોઈ અનુમાન કાયદેસર રીતે થઈ શકે તેમ નથી.

**60.** કામે આંક-૧૦૬ થી સ્ટેશન ડાયરીનો ઉતારો, આંક-૧૦૭ થી એમ.એલ.સી. યાદી, આંક-૧૦૮ થી ભોગ બનનારનો નિવેદન લેવા માટે દર્દી ભાનમા આવ્યેથી જાણ કરવા માટે પોલીસ સ્ટેશન ધ્વારા દવાખાનાને કરવામા આવેલી યાદી, આંક-૧૦૯ થી જુનાગઢ હોસ્પિટલ ધ્વારા દર્દી ભાનમા આવી ગયેલ હોવાની પોલીસને જાણ કરતી યાદી, આંક-૧૧૦ થી દર્દી એટલે કે ફરીયાદી હોસ્પિટલમાથી નાસી ગયેલાની પોલીસ સ્ટેશનને જાણ કરતી મેડીકલ ઓફિસરશ્રીની યાદી, આંક-૧૧૧ થી લુટમા ગયેલ હોવાનુ જણાવવવામા આવેલ છે તે સોનાની ચેનનુ બીલ અને આંક-૧૧૨ થી સી.ડી.આર. મેળવવાની યાદી રજુ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાઓને આંક-૯૭ ના ત.ક.અમલદાર એવા ફરીયાદપક્ષના સાહેદ નં.૧૭ ના પુરાવા સાથે વંચાણે લેવામા આવે તો તપાસ નિયત પ્રક્રિયા અનુસાર થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. પરંતુ સદર કોઈ દસ્તાવેજ આરોપીને ગુના સાથે જોડતી કડીરૂપ હોવાનો પુરાવો નથી.

**61.** ઉપરોકત સમગ્ર મૌખીક અને દસ્તાવેજી પુરાવાનુ સંયુકત રીતે મુંલ્યાકન કરતા ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા આંક-૪૮ ની ફરીયાદથી વિરોધાભાસી હકીકત કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલી છે. તેમજ ફરીયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા તેમની સરતપાસથી તદન વિરોધાભાસી હકીકતો તેમની ઉલટતપાસમા જણાવેલી છે. જેથી આ કામે ફરીયાદીના પુરાવાનુ ખંડન કરવામા બચાવપક્ષ સફળ રહેલ હોય તેવુ ફરીયાદીનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતા સ્પષ્ટપણે પુરવાર થાય છે. જેથી ફરીયાદીનો પુરાવો આ કામે વિશ્વાસજન્ય જણાય આવતો નથી. વધુમા ફરીયાદી અને ત.ક.અમલદાર સિવાયના તમામ સાહેદો ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા છે. તેમજ સાહેદોનો રજુ થયેલ પુરાવો ઘ્યાને લેતા મોટા ભાગના સાહેદોએ તેમના પુરાવામા આરોપીઓના નામ કે હથીયારના નામ જણાવેલા નથી. જેથી હાલના આરોપીઓએ ફરીયાદીને કયા હથીયાર વડે ઈજા પહોંચાડેલ છે તેવી હકીકત કોઈપણ સાહેદના પુરાવાના આધારે પુરવાર થતી નથી.

જેથી આ સાહેદોનો પુરાવો ધ્યાને લેતા હાલના ગુનામા હાલના આરોપીઓની સંડોવણી નિ:શંકપણે પુરવાર થતી નથી. તેમજ પંચ સાહેદોએ તેમના પુરાવા દરમ્યાન પંચનામાંઓની હકીકતને સમર્થન કરેલ નથી જેથી આ પંચ સાહેદોના પુરાવાના આધારે આંક-૩૪ નુ સ્થાનિક જગ્યાનુ પંચનામું, આંક-૩૯ નુ આરોપી નં.૧-૨ નુ અટક પંચનામું, આંક-૪૪ નુ આરોપી નં.૩ નુ અટક પંચનામું તથા મુદામાલ કબજે કર્યા અંગેનુ પંચનામું, આંક-૭૦ નુ આરોપી નં.૪-૫ નાઓને અટક કર્યા અંગેનુ તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામું પણ આ પંચ સાહેદોના પુરાવાના આધારે નિ:શંકપણે પુરવાર થતુ નથી. તેમજ ત.ક.અમલદારે તેમના પુરાવામા તેઓએ કરેલ તપાસ અંગેની કાર્યવાહીનો પુરાવો રજુ રાખી તેઓને તપાસ દરમ્યાન રજુ કરેલ દસ્તાવેજી પુરાવાને સમર્થન કરતો પુરાવો મુખ્યત્વે તેમના પુરાવામા રજુ રાખેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ત.ક.અમલદારના પુરાવાને ફરીયાદી કે ઉપરોકત સાહેદો કે પંચ સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ ન હોય માત્ર ત.ક.અમલદારના પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં. આમ, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાની કોઈપણ હકીકત પુરવાર થતી નથી. આમ રજુ થયેલ પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેવા નિ:શંક અને કડીબધ્ધ પુરાવા રજુ નથી. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

62. <u>મુદ્દા નંબર-૨.</u>

ઉપર મુદ્દા નં.૧ નો નિર્ણય તથા તેના કારણોની કરવામાં આવેલ ચર્ચાને સુસંગત મુદ્દા નં.૨ ના નિર્ણય અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

1. આ કામના આરોપીઓ નં.(૩) પીરમહમદ ઉર્ફે પીરૂ વલીમહમદ બ્લોચ, રહે.દુધાળા(ગીર), તા.વિસાવદર, (૪) રવિરાજસિંહ ગુલાબસિંહ જાડેજા, રહે.પોરબંદર જી.આઈ.ડી.સી. આશાપુરા ચોકડી, (૫) બાલુભાઈ રણમલભાઈ ઓડેદરા, રહે.સિમાણી, તા.જી.પોરબંદરનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ-૩૯૫, ૩૯૪,૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯,

૫૦૪, ૩૨૩, ૫૦૬(૨), જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**2.** આ કામના આરોપી નં.(૧) નાસીર રહીમભાઈ મેતર, રહે.મકરાણી પરા, વિસાવદર, (૨) ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવિદભાઈ બ્લોચ, રહે.હનુમાનપરા, વિસાવદરનાઓ વિરૂધ્ધની કાર્યવાહી સ્થગીત હોય તેમની સામેનો ગુજશીટોક અન્વયેનો પ્રતિબંધ દુર થયેથી તેમની વિરૂધ્ધ ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવાની રહેશે. જેથી સેશન્સ કેસ નં.૧૭/૨૦૨૧ સંપુર્ણ રીતે ફેસલ કરવામા આવતો નથી અને તેના માત્ર આરોપી નં.૩ ને આ ચુકાદાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે. બાકીના આરોપી નં.૧-૨ વિરૂધ્ધ કાર્યવાહી ચાલુ રાખવામા આવે છે.

**3.** આરોપી નં.૩ થી ૫ નાઓ  હાલમાં જામીન મુકત હોય, તેઓએ આ પહેલા આપેલા જામીનખત તથા  જાત મુચરકા આથી રદ કરવામાં આવે છે અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૪૩૭(એ) ની જોગવાઈ મુજબ, જો  આ કામે પ્રોસીકયુશન તરફથી કોઈ અપીલ કરવામાં આવે તો અપીલ અદાલતમાં હાજર રહેવા માટે પ્રત્યેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (રૂપિયા પંદર હજાર)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસની મુદ્દત સુધી અમલી રહે તે રીતેના રજુ કરવાના રહેશે.

**4.** આ ગુનાના સહ આરોપી એવા સેશન્સ કેસ નં.૧૭/૨૦૨૧ ના આરોપી નં.૧-૨ વિરૂધ્ધની કાર્યવાહી પેન્ડીંગ હોય આ તબકકે મુદામાલ બાબતે કોઈ હુકમ કરવામા આવતો નથી. મુદામાલ સેશન્સ કેસ નં.૧૭/૨૦૨૧ ના ચુકાદાને અનુસરશે.

**5.** આ હુકમની એક નકલ સેશન્સ કેસ નંબર : ૧૮/૨૦૨૧ ના કામે સામેલ રાખવી.

હુકમ આજ **તારીખ ૫ મી માહે : ડીસેમ્બર સને ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૫.૧૨.૨૦૨૫
સ્થળ : જુનાગઢ.

**( હેતલકુમાર વિનોદરાય જોશી )**
ચોથા એડીશનલ સેસન્સ જજ, જુનાગઢ
કોડ નં.જીજે.૦૦૫૯૯